Collction By: Rikesh Patel

રાજય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ ઉપર સીધી ભરતીની નિમણૂકો ફીકસ પગારના અજમાયશી તરીકે કરવાની યોજના બાબત.

**ગુજરાત સરકાર**

નાણા વિભાગ

ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ- ૧૮/૦૧/૨૦૧૭.

સંદર્ભ- (૧) નાણા વિભાગનો તા-૧૬-૦૨-૨૦૦૬નો ઠરાવ ક્ર:-ખરચ-૨૦૦૨/૫૭/ઝ-૧

(૨) નાણા વિભાગનો તા-૧-૦૮-૨૦૦૬નો ઠરાવ ક્ર:-ખરચ-૨૦૦૨/૫૭/ઝ-૧

(૩) નાણા વિભાગનો તા-૨૯-૦૪-૨૦૧૦નો ઠરાવ ક્ર:-ખરચ-૨૦૦૨/૫૭/ઝ-૧

(૪) નાણા વિભાગનો તા-૬-૧૦-૨૦૧૧નો ઠરાવ ક્ર:-ખરચ-૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)ઝ-૧

(૫) નાણા વિભાગનો તા-૨૦-૧૦-૨૦૧૪નો ઠરાવ ક્ર:-ખરચ-૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)ઝ-૧

(૬) નાણા વિભાગનો તા-૨૦-૧૦-૨૦૧૫નો ઠરાવ ક્ર:-ખરચ-૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)ઝ-૧

(૭) નાણા વિભાગનો તા-૧-૧-૨૦૧૬નો ઠરાવ ક્ર:-ખરચ-૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)ઝ-૧

(૮) નાણા વિભાગનો તા-૨૮-૩-૨૦૧૬નો ઠરાવ ક્ર:-ખરચ-૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)ઝ-૧

(૯) નાણા વિભાગનો તા-૧૨-૭-૨૦૧૬નો ઠરાવ ક્ર:-ખરચ-૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)ઝ-૧

(૧૦) નાણા વિભાગનો તા-૧૨-૭-૨૦૧૬નો ઠરાવ ક્ર:-ખરચ-૧૦૨૦૧૬/યુ.ઓ.૭૮૬/ઝ-૧

**આમુખ:-**

૧. નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ અને તા.૧/૮/૨૦૦૬ના ઠરાવોથી રાજય સરકારની કચેરીઓમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગોમાં રાજય સરકારની કરકસરની નીતિના ભાગરૂપે ૫ (પાંચ) વર્ષ માટે ફીકસ પગારથી સીધી ભરતીની નિમણૂકો કરવાની નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે. ત્યાર બાદ નાણા વિભાગ દ્વારા ઉકત નીતિમાં વખતો વખત જરૂરી સુધારાઓ કરવામાં આવેલ છે.

૨. ઉકત નીતિના સંદર્ભમાં રાજય સરકારની કચેરીઓમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગો પર ફીકસ પગારથી નિમણૂક પામેલ કર્મચારીઓ ૫ (પાંચ) વર્ષની સંતોષકારક સેવાઓ પૂર્ણ કરે ત્યારબાદ જો તેઓ નાણા વિભાગના વખતો વખતના ઠરાવોની અન્ય તમામ શરતો સંતોષતા હોય તો તેઓને નિયમિત પગાર ધોરણમાં નિમણૂક આપવાની રહે છે. આ યોજના હેઠળ નિમણૂંક પામેલ કર્મચારીઓનો પાંચ વર્ષનો ઉચ્ચક પગારનો સમયગાળો નોકરી વિષયક/સેવા વિષયક કોઇ પણ બાબત અંગે ધ્યાનમાં લેવામાં આવતો નથી.

૩. છેલ્લા કેટલાક સમયથી ઉક્ત ઠરાવો અન્વયે નિયત કરવામાં આવેલ ફિક્સ પગાર તેમજ તેઓની સેવાની શરતોમાં સુધારો કરવા બાબતે રાજ્ય સરકારને રજુઆતો મળેલ હતી. નાણા વિભાગના ઉક્ત સંદર્ભ-(૬)માં દર્શાવેલ તા-૨૦-૧૦-૨૦૧૫ના ઠરાવથી ફિક્સ પગારની રકમ તેમજ તેઓની સેવાની શરતોમાં સુધારો કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

૧. રાજ્ય સરકારે કાળજીપૂર્વકની વિચારણાને અંતે સંદર્ભ-(૬)ના તા-૨૦-૧૦-૨૦૧૫ના ઠરાવથી નિયત કરેલ માસિક ફિક્સ પગારના દરમાં નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબ વધારો કરવા નિર્ણય કરેલ છે. આ વધારાનો અમલ થતાં ફિક્સ પગાર પર મળતું માસિક "ખાસ ભથ્થું" તેમજ ખાસ ભથ્થા પર મળતો વાર્ષિક ખાસ વધારો હવે પછી મળવાપાત્ર થશે નહીં.

| ક્રમ | તા-૨૦-૧૦-૨૦૧૫ના ઠરાવ મુજબ નિયત થયેલ ફિક્સ પગાર + માસિક ખાસ ભથ્થુ.+ રૂ.૧૫૦૦ ખાસ ભથ્થા પરનો વાર્ષિક વધારો (રૂપિયા) | સુધાર્યા મુજબનો ફિક્સ પગાર. (રૂપિયા) |
|---|---|---|
| ૧. | રૂ. ૭૧૦૦ + ૧૯૦૦ = ૯૦૦૦ + ૧૫૦૦ = ૧૦૫૦૦ | ૧૬૨૨૪ |
| ૨. | રૂ. ૭૮૦૦ + ૨૨૦૦ = ૧૦૦૦૦ + ૧૫૦૦ = ૧૧૫૦૦ | ૧૯૯૫૦ |
| ૩. | રૂ. ૧૩૫૦૦ + ૧૫૦૦ = ૧૫૦૦૦+ ૧૫૦૦ = ૧૬૫૦૦ | ૩૧૩૪૦ |
| ૪. | રૂ. ૧૩૭૦૦+ ૧૮૦૦ =૧૫૫૦૦+ ૧૫૦૦ = ૧૭૦૦૦ | ૩૮૦૯૦ |

૨. હાલમાં ફિક્સ પગારની નીતિ હેઠળ નિમણૂંક પામેલ કર્મચારીઓનો પાંચ વર્ષનો ઉચ્ચક પગારનો સમયગાળો નોકરી વિષયક/સેવા વિષયક કોઇ પણ બાબત અંગે ધ્યાનમાં લેવામાં આવતો નથી. રાજ્ય સરકાર દ્વારા ઉક્ત બાબતે પણ જરૂરી વિચારણા કરી ઠરાવેલ છે કે નાણા વિભાગના તા-૧૬-૦૨-૨૦૦૬ની નીતિ હેઠળ નિમણૂંક પામેલ ફિક્સ પગારના કર્મચારીઓની આ પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચત્તર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ સમયે નિવૃત્તિ વિષયક મળવાપાત્ર લાભો અંગે સેવા તરીકે ગણવાનો રહેશે.,

૩. વધુમાં, ઉકત નીતિના સંદર્ભમાં સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે કે ફીકસ પગારથી નિમણૂક પામેલ કર્મચારીઓ દ્વારા પાંચ વર્ષની ફીકસ પગારની સેવાઓ પૂર્ણ કર્યા બાદ પણ તેઓને નિયમિત પગાર ધોરણમાં નિમણૂક કરવામાં થતા વિલંબની પરિસ્થિતીના નિવારણ માટે સર્વેને જણાવવામાં આવે છે કે ફીકસ પગારની નીતિ અન્વયે નિમણૂક પામેલ કર્મચારીઓની ચાર વર્ષની સેવાઓ પૂર્ણ થયા બાદ સંબંધિત કચેરી/વિભાગ દ્વારા તેઓને નિયમિત કરવા અંગેની જરૂરી આનુષાંગિક કાર્યવાહી હાથ ધરવાની રહેશે અને નાણા વિભાગની ફીકસ પગારને લગતી તમામ સૂચનાઓ/ઠરાવોની શરતોને ધ્યાને લઇને જો તેઓએ પાંચ વર્ષનો સમયગાળો સંતોષકારક પૂર્ણ કરેલ હોય તો તેઓને પાંચ વર્ષ પુરા થયા બાદ તુરત જ નિયમિત નિમણૂક કરવા અંગેની જરૂરી કાર્યવાહી હાથ ધરી સક્ષમ કક્ષાએ મંજૂરી મેળવી હુકમો કરવાના રહેશે.

૪. ફિક્સ પગારની નીતિ સંદર્ભે નાણા વિભાગના વખતો વખતના ઠરાવથી નક્કી થયેલ અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

૫. આ ઠરાવ નો અમલ તા:૦૧-૦૨-૨૦૧૭ થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( મોના ખંધાર )
સચિવ (આર્થીક બાબત)
નાણા વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

o- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

o- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર

o- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર

o- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ

o- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર

o- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

- સચિવાલયના સર્વે વિભાગો

( ખાતાના વડાઓ/કચેરીના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે )

- એકાઉન્ટન્ટ જનરલ-૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- એકાઉન્ટન્ટ જનરલ-૨ (એ. એન્ડ ઈ.), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક હિસાબ ભંડોળ, હિસાબની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ,
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવદ
- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ
- સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઈટ ઉપર મૂકવા સારૂ.
- સીલેકટ ફાઈલ- ઝ.૧ શાખા

---------------------

o પત્ર દ્વારા

Scheme for the appointments by direct recruitment as probationary with fixed pay on the posts of all the cadres of class-3 and class-4 of the State Government

**Government of Gujarat,**
Finance Department,
Resolution No. Khrch/2002/57/Z1.
Sachivalaya, Gandhinagar.
Date : 16/ 2 / 2006.

## INTRODUCTION

One of the important recommendations of Dr. P.K. Das's Committee was that new direct recruitment to all the services/employments under the State Government may be made with Fixed pay for first five years to control the non-planned expenditure of the State Government. This matter has been taken into consideration by the Committee of the Secretaries also. The decision for formation of this scheme has been taken after the careful consideration in consultation with the General Administration Department.

After implementation of the Fifth Pay-Commission, a difference between the prevailing wages of the Government employees and the wages of equivalent employees of private sector has arisen. Even in private sectors also, new recruitments in technical/managerial services are being made with fixed pay in first phase. The State Government also has made the recruitments of educational cadres, in the field of primary and secondary education on a large scale, with fixed pay and this recruitment system has been implemented successfully. The direct recruitment which is not inevitable has been controlled under the economy policy of the State Government. With the purpose of avoiding adverse effect to the State administration, the appointments are given on the contract basis to the retiring as per the standing orders of General Administration Department, however, the expenditure is not reduced

considerably by such appointments, as well as such a situation is emerged that new job seekers are disappointed. To avoid this situation, the general recruitment system to appoint as assistant for five years with fixed pay will be useful in this regards and the State Government shall have considerable relief from the burden of wages for first five years and after completing the duration of five years, the appointed candidate will be appointed in regular pay-scale so they will work with sincerity and enthusiasm.

**RESOLUTION**

With the purpose of curtailing expenditure being incurred for various services/jobs of the State Government and to fulfil the noble aim that new recruitment may not be stopped totally as well as the Non-Plan expenditure incurred from the state treasury also may be controlled, after careful consideration and keeping in view also all the matters mentioned in the introduction, it is hereby resolved that the appointments by direct recruitments to the posts of all the cadres of class-3 and class-4 of the State Government may be made only as probationary with fixed pay for a period of five years.

The provisions of this scheme are as under :-

1. Under this scheme, new appointments shall be given made only in such limited cases of the Finance Department where it is inevitable for the vacant posts in class-3 and class-4 as well as where the technical educational qualifications are required. All these appointments shall be considered as contract based appointments.
2. All recruitments under this scheme shall be made according to the provisions of the Recruitment Rules of the relevant cadre and only as per the recruitment system prescribed by the State Government. No resolution with regard to educational

qualification as well as of any type of relaxation even in the recruitment process shall be given.

3. All the persons appointed under this scheme shall be given appointments for five years with monthly lump sum pay, there will no exception in it.

4. Any benefit out of the benefits available to Government employees on regular basis shall not be given to a candidate appointed under this scheme as well as the candidate appointed under this scheme can not claim such benefits in this regards, such a guarantee letter shall be secured before giving the appointment order.

5. The person being appointed under this scheme shall be given monthly lump sum wage which will be as under :

| Sr. No. | Class | Pay-scale Rs. | On the basis of monthly fixed wages clubbing. |
|---|---|---|---|
| 1. | Class-IV | 2500-3200 | Rs. 1500/- |
| 2. | Class-IV | 2610-3540 | " |
| 3. | Class-IV | 2650-4000 | " |
| 4. | Class-IV | 2750-4400 | " |
| 5. | Class-III | 3050-4590 | Rs. 2500/- |
| 6. | Class-III | 4000-6000 | |
| 7. | Class-III | 4500-7000 | Rs. 3500/- |
| 8. | Class-III | 5000-8000 | |
| 9. | Class-III | 5500-9000 | Rs. 4500/- |
| 10. | Class-III | 6500-10500 | |

6. As the Economy Instructions of the State Government apply to the Board/Corporation/Grant-in-aid Institution also, this Recruitment Scheme will also apply to them. However, the Board/Corporation as well as the Grant-in-aid Institution shall have to obtain the consent of the Finance Department through the Administration Department before filling the vacant posts out of the sanctioned posts of class-3 and class-4.

7. The Reservation policy of the State Government shall be strictly followed when the recruitment is made under this scheme.

8. This scheme shall be applied also to the recruitment to be made under Centrally Sponsored Scheme as from the grant received from the Central Government. Because the economic liability falls upon the State Government for such recruitments after a long time.

9. Recruitment shall be made only by the organization fixed for the recruitment (e.g. Public Service Commission, Gujarat Panchayat Service Selection Board, Subordinate Service Selection Board) etc.

10. The word "Assistnat" shall have to be put before the nomenclature of the appointments which are made under this scheme under the cadres of class-3 and class-4.

11. The Gujarat Civil Services classification and Recruitment (General) Rules, 1967, The Gujarat State Civil Services (conduct) Rules, 1971 and The Gujarat Civil Services (Discipline and Appeal) Rules, 1971 can not be applied directly to the person being appointed under this scheme, therefore, the General Administration Department shall have to make amendments in this regards in the concerned rules.

12. If, at any stage, it is found that the person appointed under this scheme does not possess the qualifications required for a regular Government employee, the person can be relieved after issuing notice according to the conditions of the contract during the period of five years. Moreover, in the case of any serious misconduct/embezzlement . the criminal proceedings also can be initiated against the employee appointed under this scheme.

13. If travelling becomes necessary with regard to government affairs for the persons being appointed under this scheme, they shall be entitled to get T.A./D.A.

according to the provisions of the circular. Finance Department . No. MSB/102002/1180/CH dated 19/9/2002.

14. The advertisement mentioning shall have to be given de novo after cancelling the advertisement published for the recruitments in regular pay-scale on the posts of said cadre of class-3 and class-4. Even if the selection process has been completed. the selected candidate shall be informed about this scheme before giving appointment to the selected candidate and shall be asked if he/she wants to be appointed with monthly lump sum pay under this scheme and the appointment shall be given under this scheme only after obtaining his/her written consent.

The selection of a candidate is not his/her right on a job. so after giving appointment to a candidate from select list. the selection shall be made after cancelling the list of remaining candidates and giving the advertisement for the post with lump sum pay de novo.

15. The person being appointed by recruitment to be made with monthly lump sum pay. shall get appointment with the specified qualifications with regard to specified recruitment and under the specified recruitment process. so they shall have to perform all the duties including the statutory duty connected with their posts/designations. And they shall lose the benefits of long term service for the mistake occurred in performing the duties and in the case of gross negligence. the criminal procedure also may be initiated against them. The powers/executive powers related with the concerned post may be given to the employee.

16. According to this scheme. the candidate recruited after proving his/her qualifications in direct recruitment/competition. is to be given the appointment in

monthly lump sum pay as Assistant. Therefore, all the appointments given on compassionate ground also shall be given only with the lump sum pay.

17. The general conditions of this recruitment to be made as assistant in monthly lump sum pay shall be as per the statement attached herewith which shall have to be mentioned in the advertisement of recruitment as well as also in the appointment order properly to whom the appointment may be given.

18. As the recruitments to be made on monthly lump sum pay. are to be made according to the specified recruitment procedure as well as the candidate appointed under this scheme is to be appointed in regular pay-scale after completion of five years in monthly lump sum pay. this is nothing but a regular recruitment. Therefore, this scheme shall be applied also to the appointments given against the reserved posts and the posts of back log and such appointment shall be considered against the roster point.

19. The employees appointed under this scheme shall have to pass the prescribed pre-service and post training examination as well as departmental examination on being appointed in regular pay scale after completion of five years.

20. It is compulsory to obtain pre-consent of the Finance Department before sending the requisition forms which are for the appointment as probationary with fixed pay for the period of five years by direct recruitment in all the cadres of class-3. class-4 under to the organization prescribed for the recruitment.

21. The period of lump sum pay for five years of an employee appointed under this scheme shall not be taken into consideration with regard to any of the matters regarding the job / service.

22. As the employee being appointed under this scheme has performed his/her duty in monthly lump sum pay for five years, he/she shall not be reappointed as probationary at the time of appointing him/her in regular pay scale.

By order and in the name of the Governor of Gujarat.

R.H. Pathak
Deputy Secretary.
Finance Department.
Government of Gujarat.

Enclosure : Statement.

To

*The Secretary to the Hon. Governor. Raj Bhavan. Gandhinagar.
The Principal Secretary to Hon. Chief Minister, Sachivalaya, Gandhinagar.
The Personal Secretaries to Hon. Ministers/Ministers of State. Sachivalaya. Gandhinagar.
The Personal Secretaries to all Ministers.
The Personal Secretary to the Leader of Opposition Party. Gujarat Legislative Assembly Secretariat. Gandhinagar.
*The Secretary. Gujarat Legislative Assembly Secretariat, Gandhinagar.
*The Secretary, Gujarat Public Service Commission. Ahmedabad.
*The Secretary, Vigilance Commission. Gandhinagar.
*The Secretary, Gujarat Civil Service Tribunal, Gandhinagar.
*The Registrar General. Gujarat High Court, Ahmedabad.
*The Secretary. Gujarat Subordinate Service Selection Board. Gandhinagar.
*The Secretary, Panchayat Service Selection Board. Gujarat State. Gandhinagar.
All the Departments of Secretariat.
Heads of Departments/Head of offices.
The Accountant General, (Audit-1) Gujarat State. Ahmedabad.
The Accountant General. Audit-2. Gujarat State. Rajkot.
The Accountant General, (A and A) Gujarat State, Ahmedabad/Rajkot.
All the Collectors/All the District Development Officers.
The Inspector, Local Fund Account/All District Assistant Inspector.
The Pay and Accounts Officer, Ahmedabad/Gandhinagar.
All the District Treasury Officers/Sub-Treasury Officers.
The Residential Inspecting Officer. Ahmedabad/Gandhinagar.
All the Boards/Corporations/Universities and Public Enterprises.
All the Officers/finance Advisers of the Finance Department.
All Branches in Finance Department.
All the recognized Boards (Including the Boards of Panchayat Services).
Select file (Z1 Branch) Finance Department, Sachivalaya, Gandhinagar.

* By letter.

**STATEMENT**
**TERMS AND CONDITIONS :**

(1) The appointed candidates will get the corresponding monthly lump sum pay as suggested in para-5 of the resolution of the scheme, this appointment shall be considered on contract basis. The tenure of the contract shall be five years.

(2) The contract shall be terminated bilaterally by giving a notice of one month or notice pay with the amount of fixed pay of one month.

(3) No allowances shall be admissible on the prescribed fixed wage.

(4) No increase of any type of increment shall be admissible in the fixed wage to Shri---------------------------during the period of contract. The dearness allowance, interim relief or other benefits of pay commission or no other benefits with regard to the service shall be admissible.

(5) Medical reimbursement shall not be admissible during the period of contract.

(6) The service/job performed during the period of five years of the contract shall not be entitled to obtain pension, bonus, L.T.C., encashment of leaves, advance or such any other financial benefits from the Government.

(7) If the employee dies during the period of contract, the due amount of fix wage for period of the duty performed by him/her shall be admissible to the family members of the employee. But the ancillary benefits such as the other financial benefits, ex-gratia benefit or service on compassionate ground shall not be admissible.

(8) Shri -------------------- shall have to perform the duties such as the duties being performed by an officer of equal cadre. He/She shall have to remain present in the office at that time which is prescribed for it. As well as no private practice or any part-time job can be done. If he/she is instructed to

Collction By: Rikesh Patel

discharge the duties according to the requirement of government work also on the public holidays. he/she shall perform duties accordingly. He/She can not participate in political activities.

(9) 12 casual leaves shall be admissible to Shri------------------- on annual basis during the period of contract. If he/she enjoys leave other than these leaves, the pay of the day of leave shall be deducted. The maternity leaves shall be admissible to the female employees according to the leave rules.

(10) It will be compulsory for Shri ------------------------------ to live at the residence at the place of working and he/she may not leave the head quarter without permission of the authorized officer.

(11) If he/she has to go away from the head quarter upto the distance of 8 K.M. as a part of his/her duty, he/she shall be admissible the daily allowance of Rs. 15/- for the stay of more than 6 hours and upto 12 hours and Rs. 30/- for the half of more than 12 hours as well as it shall be admissible the second class fare of S.T. bus/railway towards traveling expense.

(12) The service shall be terminated at any time without giving any notice for unsatisfactory performance or indiscipline during the period of contract.

(13) Any other required conditions being decided by the Government in the interest of administration shall also be binding.

(14) The deduction of professional tax shall be made from the fixed pay as per the rules.

(15) The State Govt. shall not liable for any type of criminal or civil proceedings held with regard to the matter of government service discharged by him during the time of appointment.

(16)The person appointed with contract based lump sum wage shall not have any right to be absorbed in the government establishment.

(17)A letter of consent shall be obtained in this regard that above mentioned conditions are acceptable to the person being appointed.

(18)This recruitment shall be made only by observing the prescribed recruitment procedure from the candidates having suitable qualifications as per the recruitment rules of the respective cadre and these conditions shall be included in prescribed application form.

(19)The two year's of the performance the candidate appointed in this way shall be reviewed on completion of two years of service and he/she shall be continued for the remaining period only if his/her performance is found fully satisfactory.

(20)If the services/duties of five years of a candidate appointed under this scheme are found to be satisfactory, the regular appointment shall be given to him/her after five years with minimum pay in regular pay-scale of respective cadre, that means the respective posts shall be considered automatically converted in full pay-scale posts after five years, but this appointment shall be considered as a new appointment and the allowances/facilities admissible as per the prevailing rules, shall be given at that time.

(21)It shall be the responsibility of the concerned department to see that all the terms and conditions mentioned above are included without fail in the application form at the time of sending the requisition to the Subordinate Service Selection Board/other board or recognized institution to fill these posts of direct recruitment according to the prescribed procedure recruitment.

Collction By: Rikesh Patel

**રાજય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ ઉપર સીધી ભરતીની નિમણૂંકો ફીકસ પગારના અજમાયશી તરીકે કરવાની યોજના.**

---

ગુજરાત સરકાર

**નાણાં વિભાગ,**

ઠરાવ ક્રમાંકઃ- ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧

સચિવાલય, ગાંધીનગર.

**તારીખઃ ૧૬/૦૨/૨૦૦૬.**

**<u>પ્રસ્તાવનાઃ-</u>**

ડૉ. પી.કે.દાસ સમિતિની એક મહત્વની ભલામણ એ હતી કે, રાજય સરકારના બિન આયોજીત ખર્ચને નિયંત્રિત કરવા રાજય સરકાર હેઠળની તમામ સેવા / નોકરીઓમાં નવી સીધી ભરતી, પ્રથમ પાંચ વર્ષ માટે ફીકસ પગારથી કરવામાં આવે. આ બાબત સચિવશ્રીઓની સમિતિએ પણ વિચારણામાં લીધેલ છે. સામાન્ય વહીવટ વિભાગના પરામર્શમાં પુખ્ત વિચારણાને અંતે આ યોજના ઘડવાનો નિર્ણય લેવાયેલ છે.

પાંચમા પગારપંચના અમલ પછી સરકારી કર્મચારીઓના પ્રવર્તમાન વેતન અને તે સામે ખાનગી ક્ષેત્રના સમકક્ષ કર્મચારીઓના વેતન વચ્ચે તફાવત સર્જાયેલ છે. ખાનગી ક્ષેત્રોમાં પણ ટૅકનીકલ / મૅનેજરીયલ સેવાઓમાં થતી નવી ભરતીઓ પ્રથમ તબકકે ફીકસ પગારથી થતી હોય છે. રાજય સરકારે પણ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે મોટા પાયે કરવી પડેલ શૈક્ષણિક સંવર્ગોની ભરતીઓ પણ ફીકસ પગારથી કરેલ છે અને આ ભરતી પધ્ધતિ સફળતાપૂર્વક અમલમાં મૂકાયેલ છે.

રાજય સરકારની કરકસરની નીતિ અન્વયે અનિવાર્ય ન હોય તેવી સીધી ભરતી નિયંત્રિત કરાયેલ છે. રાજયના વહીવટને વિપરીત અસર ન થાય તેથી આવશ્યક હોય ત્યાં સામાન્ય વહીવટ વિભાગની સ્થાયી સૂચનાઓ મુજબ નિવૃત્ત થતા કર્મચારીઓને કરાર ધોરણે નિમણૂંકો અપાય છે પરંતુ તેવી નિમણૂંકોથી ખર્ચમાં ખાસ ઘટાડો થતો નથી, તેમજ નવા રોજગાર ઈચ્છુકોમાં નિરાશા / હતાશા જન્મે એવી પરિસ્થિતિ સર્જાય છે. આ પરિસ્થિતિના નિવારણ માટે પાંચ વર્ષ માટે ફીકસ પગારથી સહાયક તરીકે નિમણૂંક માટેની સર્વસામાન્ય ભરતી પધ્ધતિ ઉપયોગી નિવડશે. તેમજ રાજય સરકારને પ્રથમ પાંચ

વર્ષ માટે વેતનના ભારણમાં નોંધપાત્ર રાહત મળશે તેમજ પાંચ વર્ષ પૂર્ણ થયા પછી આ પ્રમાણે નિમણૂંક પામેલ ઉમેદવારોને નિયમિત પગારધોરણમાં નિમણૂંક અપાશે જેને કારણે તેઓ નિષ્ઠા અને ઉત્સાહપૂર્વક કામ પણ કરશે.

**<u>ઠ રા વ :-</u>**

રાજય સરકારની વિવિધ સેવાઓ / નોકરીઓમાં ખર્ચ ઉપરના કાપના હેતુથી નવી ભરતીઓ સંપૂર્ણપણે બંધ ના થાય અને રાજય તિજોરી ઉપર આયોજન બહારનો ખર્ચ પણ અંકુશમાં રહે તેવા ઉમદા ઉદ્દેશ્યને પૂર્ણ કરવા, પ્રસ્તાવનામાં જણાવેલી બાબતોને પણ ધ્યાનમાં રાખીને પુખ્ત વિચારણાને અંતે, રાજય સરકારની વર્ગ-૩ અને વર્ગ-૪ ની તમામ સંવર્ગોની જગ્યાઓ ઉપરની સીધી ભરતીની નિમણુંકો પાંચ વર્ષના સમયગાળા માટે ફીક્સ પગારના અજમાયશી તરીકે જ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

**<u>આ યોજનાની જોગવાઈઓ નીચે મુજબ છે:-</u>**

૧. આ યોજના હેઠળ વર્ગ-૩ અને વર્ગ-૪ માં ખાલી જગ્યાઓ સામે અનિવાર્ય હોય તેવા કિસ્સામાં જ તેમજ જયાં ટૅકનીકલ શૈક્ષણિક લાયકાતની આવશ્યકતા હોય તેવા મર્યાદિત કિસ્સામાં જ નવી નિમણુંકો નાણાં વિભાગની પૂર્વ અનુમતિથી આપવાનું રાખવામાં આવશે. આ બધી નિમણુંકો કરાર આધારિત નિમણૂંકો ગણાશે.

૨. આ યોજના હેઠળની તમામ ભરતી જે તે સંવર્ગના ભરતી નિયમોની જોગવાઇ મુજબ અને રાજય સરકારે નિયત કરેલ ભરતી પધ્ધતિ મુજબ જ કરવામાં આવશે. શૈક્ષણિક લાયકાત તેમજ અન્ય કોઇપણ પ્રકારની છૂટછાટ કે ભરતીની પ્રક્રિયામાં પણ કોઈપણ પ્રકારની છૂટછાટ આપવામાં આવશે નહીં.

૩. આ યોજના હેઠળ નિમણૂંક પામનાર તમામને માસિક ઉચ્ચક પગારથી પાંચ વર્ષ માટે નિમણૂંક આપવાની રહેશે તેમાં કોઇ અપવાદ કરવામાં આવશે નહીં.

૪. આ યોજના હેઠળ નિમાયેલ ઉમેદવારને નિયમિત ધોરણે સરકારી કર્મચારીઓને મળતા લાભો પૈકીના કોઇપણ લાભ મળી શકશે નહીં તેમજ આ યોજના હેઠળ નિમાયેલ ઉમેદવાર તે અંગેની માંગણી પણ કરી શકશે નહીં, તે મુજબનો બાંહેધરી પત્ર નિમણૂંકનો હુકમ આપતાં પહેલાં મેળવી લેવાનો રહેશે.

૫. આ યોજના હેઠળ નિમણૂંક પામનારને માસિક ઉચ્ચક વેતન આપવાનું રહેશે જે નીચે મુજબ રહેશે.

| અ.નં. | વર્ગ | પગાર ધોરણ | માસિક ફિક્સ વેતન કલબીંગના આધારે. |
|---|---|---|---|
| ૧. | વર્ગ-૪ | ૨૫૦૦-૩૨૦૦ | રૂા.૧૫૦૦/- |
| ૨. | !! | ૨૬૧૦-૩૫૪૦ | |
| ૩. | !! | ૨૬૫૦-૪૦૦૦ | |
| ૪. | !! | ૨૭૫૦-૪૪૦૦ | |
| ૫. | વર્ગ-૩ | ૩૦૫૦-૪૫૯૦ | રૂા.૨૫૦૦/- |
| ૬. | !! | ૪૦૦૦-૬૦૦૦ | |
| ૭. | !! | ૪૫૦૦-૭૦૦૦ | રૂા.૩૫૦૦/- |
| ૮. | !! | ૫૦૦૦-૮૦૦૦ | |
| ૯. | વર્ગ-૩ | ૫૫૦૦-૯૦૦૦ | રૂા.૪૫૦૦/- |
| ૧૦. | વર્ગ-૩ | ૬૫૦૦-૧૦૫૦૦ | રૂા.૪૫૦૦/- |

૬. રાજ્ય સરકારની કરકસરની સૂચનાઓ બૉર્ડ / કોર્પોરેશન / ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાને પણ લાગુ પડતી હોઈ ભરતીની આ યોજના તેમને પણ લાગુ પડશે. પરંતુ બૉર્ડ / કોર્પોરેશન તેમજ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાએ તેમની વર્ગ-૩ અને વર્ગ-૪ ની મંજુર થયેલ જગ્યાઓ પૈકીની ખાલી જગ્યાઓ ભરતાં પૂર્વે વહીવટી વિભાગ મારફત નાણાં વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

૭. આ યોજના હેઠળ જે ભરતી કરવામાં આવે તેમાં રાજ્ય સરકારની અનામત અંગેની નીતિનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ અથવા તો કેન્દ્ર સરકાર તરફથી મળતી ગ્રાન્ટ અન્વયે કરવાની થતી ભરતીઓમાં પણ આ યોજના લાગુ કરવાની રહેશે. કારણ કે લાંબે ગાળે રાજ્ય સરકાર ઉપર આવી ભરતીઓને કારણે આર્થિક જવાબદારી આવતી હોય છે.

૯. ભરતી માટેનાં તંત્ર ( દા.ત. જાહેર સેવા આયોગ, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગૌણ સેવા પસંદગી મંડળ ) ઈત્યાદી જે નિયત થયેલ હોય તેના દ્વારા જ ભરતી કરવાની રહેશે.

૧૦. વર્ગ-૩ અને વર્ગ-૪ ના સંવર્ગો હેઠળ આ યોજના હેઠળ જે નિમણૂંકો થાય તે નિમણૂંકના નામાભિધાન આગળ "સહાયક" શબ્દ મૂકવાનો રહેશે.

૧૧. આ યોજના હેઠળ નિમણૂંક પામનારને ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭, ગુજરાત રાજય સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧

અને ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ સીધે સીધા લાગુ પડી શકે નહીં, તેથી તેને લગતા સુધારા સંબંધિત નિયમોમાં સામાન્ય વહીવટ વિભાગે કરવાના રહેશે.

૧૨. આ યોજના હેઠળ નિમણૂંક પામનાર વ્યક્તિ નિયમિત સરકારી કર્મચારી તરીકેની લાયકાત ધરાવતી નથી તેવું કોઈપણ તબક્કે જણાઈ આવે તો પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન તેને કરારની શરતો મુજબ નોટીસ આપી છૂટા કરી શકાશે. ઉપરાંત કોઈ ગંભીર ગેરવર્તણુંક / નાણાકીય ગેરરીતિના કિસ્સામાં આ યોજના હેઠળ નિમણૂંક પામેલ કર્મચારી સામે ફોજદારી કાર્યવાહી પણ થઈ શકશે.

૧૩. આ યોજના હેઠળ નિમાનાર વ્યક્તિઓને સરકારી કામ અર્થે મુસાફરી અનિવાર્ય બનતી હોય તેમને નાણાં વિભાગના તા.૧૯/૯/૨૦૦૨ ના પરિપત્ર ક્રમાંક: મસભ/ ૧૦૨૦૦૨/ ૧૧૮૦/ચ ની જોગવાઈ મુજબ ટી.એ. / ડી.એ. મળી શકશે.

૧૪. વર્ગ-૩ અને વર્ગ-૪ ની જે સંવર્ગની જગ્યાઓ ઉપર નિયમિત પગાર ધોરણમાં ભરતીઓ માટે જાહેરાત પ્રસિધ્ધ થઈ ગઈ હોય તે જાહેરાત રદ કરી નવેસરથી ફીકસ પગાર દર્શાવતી જાહેરાત આપવાની રહેશે. જયાં પસંદગી પ્રક્રિયા પૂર્ણ થઈ હોય ત્યાં પણ નિમણૂંક આપતાં પહેલાં પસંદગી પામેલ ઉમેદવારને આ યોજનાની જાણ કરી માસિક ઉચ્ચક પગારમાં આ યોજના હેઠળ નિમણૂંક મેળવવા ઈચ્છે છે કે કેમ, તેવી પૃચ્છા કરી તેની લેખિતમાં સંમતિ મળ્યા બાદ જ આ યોજના હેઠળ નિમણૂંક આપવાની રહેશે.

ઉમેદવારની પસંદગી એ નોકરી માટેનો હક્ક નથી જેથી પસંદગી યાદી પરના ઉમેદવાર જેમને નિમણૂંક અપાઈ ગઈ હોય તે સિવાયના ઉમેદવારોની યાદી રદ કરી નવેસરથી માસિક ઉચ્ચક પગાર ધરાવતી જાહેરાત આપી, પસંદગી કરવાની રહેશે.

૧૫. માસિક ઉચ્ચક પગારથી થનાર ભરતી ઉપર નિમાનાર વ્યક્તિ નિયત ભરતી અંગેની નિયત લાયકાત અને નિયત ભરતી પ્રક્રિયા હેઠળ નિમણૂંક મેળવશે જેથી તેમણે તેમની જગ્યા / હોદા સાથે સંકળાયેલી વૈધાનિક સહિતની સઘળી ફરજો બજાવવાની રહેશે. તેમજ ફરજોમાં ક્ષતિ થતાં તેમણે લાંબા ગાળાના નોકરીના લાભો ગુમાવવાના થશે તેમજ ગંભીર બેદરકારીના કિસ્સામાં તેમની સામે ફોજદારી કાર્યવાહી પણ કરી શકાશે. સંબંધિત જગ્યા સાથે જોડાયેલ સત્તા / ઍક્ઝીક્યુટીવ પાવર્સ કર્મચારીને આપી શકાશે.

૧૬. આ યોજના અનુસાર સીધી ભરતીમાં / હરિફાઈમાં લાયકાત સિધ્ધ કરીને ભરતી થતા ઉમેદવારને સહાયક તરીકે માસિક ઉચ્ચક પગારમાં નિમણૂંક આપવાની રહે

છે. જેથી રહેમરાહે થતી તમામ નિમણૂંકો પણ માસિક ઉચ્ચક પગારથી જ કરવાની રહેશે.

૧૭. માસિક ઉચ્ચક પગારમાં સહાયક તરીકે કરવાની થતી આ ભરતી માટેની સર્વ સામાન્ય શરતો આ સાથેના પત્રક મુજબની રહેશે. જેનો ઉલ્લેખ ભરતીની જાહેરાતમાં કરવાનો રહેશે તેમજ જેમને નિમણૂંક આપવામાં આવે તેમના નિમણૂંકના હુકમમાં પણ યોગ્ય સ્વરૂપે કરવાનો રહેશે.

૧૮. માસિક ઉચ્ચક પગારમાં થનાર નિમણૂંકો નિયત ભરતી પધ્ધતિ પ્રમાણે જ થનાર હોઇ તેમજ માસિક ઉચ્ચક પગારમાં પાંચ વર્ષ પૂર્ણ કર્યા પછી આ યોજના હેઠળ નિમાયેલ ઉમેદવારને નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક આપવામાં આવનાર હોઇ આ એક નિયમિત ભરતી જ છે. જેથી અનામત તેમજ બેકલોગની જગ્યા સામે અપાતી નિમણંકોને પણ આ યોજના લાગુ પડશે અને આવી નિમણૂંકો રોસ્ટર પોઇન્ટ સામે ગણાશે.

૧૯. આ યોજના હેઠળ નિમાયેલ કર્મચારીઓએ પાંચ વર્ષ પૂર્ણ થયા પછી નિયમિત પગારધોરણમાં નિમણૂંક મળ્યેથી નિયત થયેલી પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા તેમજ નિયત ખાતાકીય પરીક્ષા પાસ કરવાની રહેશે.

૨૦. આ યોજના હેઠળ વર્ગ-૩, વર્ગ-૪ ના તમામ સંવર્ગોમાં સીધી ભરતીથી પાંચ વર્ષના સમયગાળા માટે ફીક્સ પગારથી અજમાયશી તરીકેની નિમણૂંક માટેના માંગણાપત્રકો ભરતી માટેના જે તે નિયત તંત્રને મોકલતાં પહેલાં નાણાં વિભાગની પૂર્વમંજૂરી મેળવવી ફરજીઆત છે.

૨૧. આ યોજના હેઠળ નિમણૂંક પામેલ કર્મચારીનો પાંચ વર્ષનો ઉચ્ચક પગારનો સમયગાળો નોકરી વિષયક / સેવાવિષયક કોઇપણ બાબત અંગે ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૨૨. આ યોજના હેઠળ નિમણૂંક પામનાર કર્મચારીએ પાંચ વર્ષ માસિક ઉચ્ચક પગારમાં ફરજ બજાવેલી હોઇ નિયમિત પગારધોરણમાં તેમની નિમણૂંક સમયે તેમની અજમાયશી તરીકે પુનઃ નિમણૂંક કરવાની રહેશે નહીં.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બિડાણ : પત્રક

( આર. એચ. પાઠક)
નાયબ સચિવ,
નાણાં વિભાગ.
ગુજરાત સરકાર.

પ્રતિ,

❖ માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

વાઘ-૧૯૯૭-૨

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રીઓ/ રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- ❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- ❖ રજીસ્ટ્રાર જનરલશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- ❖ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- ખાતાના વડાઓ / કચેરીઓના વડાઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઑડીટ-૧, ગુજરાત રાજય, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઑડીટ-૨, ગુજરાત રાજય, રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, (એ. એન્ડ એ.) ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- સર્વે કલેકટરશ્રીઓ / જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ / સર્વે જીલ્લા સહાયક નિરીક્ષક.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/ પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- તમામ બૉર્ડ / કોર્પોરેશન / યુનિવર્સિટીઓ અને જાહેર સાહસો.
- નાણાં વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/ નાણાં સલાહકારશ્રીઓ.
- નાણાં વિભાગની તમામ શાખાઓ.
- સર્વે માન્ય મંડળો ( પંચાયત સેવાના મંડળો સહિત).
- પસંદગી ફાઇલ (ઝ.૧ શાખા) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

❖ (પત્ર દ્વારા)

## પ ત્ર ક

**બોલીઓ અને શરતો:–**

(૧) નિમણુંક પામનાર ઉમેદવારોને યોજનાના ઠરાવના પેરા–૫ માં સૂચવ્યા મુજબ અનુરૂપ માસિક ઉચ્ચક પગાર મળશે, આ નિમણુંક કરારના ધોરણે ગણવામાં આવશે. કરારની મુદત પાંચ વર્ષની રહેશે.

(૨) ઉભયપક્ષે એક માસની નોટીસ અથવા એક માસની ફીકસ પગારની રકમ સાથેનો નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.

(૩) નિયત ફીકસ વેતન પર કોઈપણ જાતના ભથ્થાં મળવાપાત્ર થશે નહી.

(૪) કરારના સમયગાળા દરમ્યાન શ્રી ..................... ને ફીકસ વેતનમાં કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે નહી. મોંઘવારી ભથ્થુ, વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો કે સેવા વિષયક અન્ય કોઈ લાભો મળવાપાત્ર થશે નહી.

(૫) કરારના સમયગાળા દરમ્યાન મેડીકલ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે નહી.

(૬) કરારના પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન બજાવેલ સેવા / નોકરી પેન્શન, બોનસ, એલ.ટી.સી. એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય કોઈ નાણાકીય લાભો સરકારશ્રી પાસેથી મેળવવાને પાત્ર ગણાશે નહિ.

(૭) કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનું અવસાન થાય તો તેમણે બજાવેલી ફરજના સમયગાળાની ફીકસ વેતનની લેણી રકમ કર્મચારીના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા નાણાકીય લાભ એકસગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહી.

(૮) શ્રી ...................... ને સમાન સંવર્ગના અધિકારીએ જે ફરજો બજાવવાની થતી હોય તેવી ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરીમાં હાજરી આપવાની રહેશે. તેમજ પ્રાઈવેટ પ્રેકટીસ કે અન્યત્ર પાર્ટટાઈમ નોકરી કરી શકાશે નહી. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરીયાતને અનુલક્ષીને ફરજ બજાવવા જણાવવામાં આવે તો તે મુજબ ફરજ બજાવવાની રહેશે. રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લઈ શકાશે નહિ.

(૯) શ્રી ...................... ને કરારના સમય દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચુરણ રજા મળવાપાત્ર થશે. અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહી. તે સિવાયની રજા ભોગવશે તો તે રજાના દિવસના પગારની કપાત કરી લેવામાં આવશે. મહિલા કર્મચારીઓને રજાના નિયમો મુજબ પ્રસુતિ રજાઓ મળવાપાત્ર થશે.

(૧૦) શ્રી ...................... એ કાર્યમથક પર રહેઠાણે રહેવાનું ફરજીયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્યમથક છોડી શકાશે નહી.

(૧૧) ફરજના ભાગરૂપે મુખ્ય મથકથી આઠ કી.મી. બહાર જવાનું થાય તો ૬ કલાકથી વધુ અને બાર કલાક સુધીના રોકાણ માટે રૂા.૧૫/– અને ૧૨ કલાકથી વધુ સમય માટે રૂા.૩૦/– દૈનિક ભથ્થુ મળવાપાત્ર થશે તેમજ મુસાફરી ભાડા પેટે એસ.ટી. બસ / રેલ્વેનું બીજા વર્ગનું ભાડુ મળવાપાત્ર થશે.

(૧૨) કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઈપણ સમયે નોકરી સમાપ્ત કરવામાં આવશે.

(૧૩) સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નકકી થાય તે પણ બંધનકર્તા રહેશે.

(૧૪) વ્યવસાય વેરાની કપાત નિયમાનુસાર ફીકસ પગારમાંથી કરી લેવાની રહેશે.

(૧૫) નિમણુંકના સમય દરમ્યાન તેમણે બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઈપણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજ્ય સરકારની કોઈ જવાબદારી રહેશે નહી.

(૧૬) કરાર આધારીત ઉચ્ચક વેતનથી નિમણુંક પામેલ વ્યકિતને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેનો કોઈ હકક પ્રાપ્ત થશે નહી.

(૧૭) ઉપરોક્ત શરતો નિમણુંક પામનાર વ્યકિતને સ્વિકાર્ય છે, તે અંગેનું સંમતિપત્ર મેળવવાનું રહેશે.

(૧૮) આ ભરતી જે તે સંવર્ગના ભરતી નિયમો અનુસાર યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોથી ભરતીની નિયત કરાયેલ પ્રક્રિયાને અનુસરીને જ કરવાની રહેશે અને નિયત અરજીપત્રકમાં આ શરતોનો સમાવેશ કરવાનો રહેશે.

(૧૯) આ રીતે નિમણુંક પામેલ ઉમેદવારની બે વર્ષ દરમિયાનની કામગીરીની સમીક્ષા નોકરીના બે વર્ષ પૂર્ણ થયેથી કરવાની રહેશે અને જો કામગીરી સંપૂર્ણ સંતોષકારક જણાય તો જ બાકીના સમય માટે ચાલુ રાખવામાં આવશે.

(૨૦) આ યોજના હેઠળ નિમણૂંક મેળવેલ ઉમેદવારની પાંચ વર્ષની સેવાઓ / ફરજો સંતોષકારક જણાય તો પાંચ વર્ષ બાદ તેઓને જે તે સંવર્ગના નિયમિત પગારધોરણમાં લઘુત્તમ પગારમાં નિયમિત નિમણૂંક આપવાની રહેશે, એટલે કે પાંચ વર્ષ બાદ જે તે જગ્યાઓ પુરા પગારધોરણમાં આપોઆપ પરિવર્તિત થયેલી ગણાશે, પરંતુ આ નિમણુંક તેમની નવી નિમણુંક ગણાશે અને તે સમયે નિયમાનુસાર મળવાપાત્ર ભથ્થા / સવલતો મળવાપાત્ર થશે.

(૨૧) સીધી ભરતીની આ જગ્યાઓ ભરતીની નિયત પ્રક્રિયા અનુસાર ભરવા માટે ગૌણ સેવા પસંદગી મંડળ / અન્ય મંડળ કે માન્ય સંસ્થાને માગણીપત્રક મોકલતી વખતે નિયત અરજી ફોર્મમાં ઉપર દર્શાવેલ તમામ શરતો અને બોલીઓ અચુક આમેજ કરવામાં આવે તે જોવાની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

0000000

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Collction By: Rikesh Patel

સ.મ.પ્રે.ગાં.(એચ)-૩૦૬-૫૦૦-૮-૦૬

**રાજય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણુંકો ફીકસ્ડ પગારના અજમાયશી તરીકે કરવાની યોજના.**

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવક્રમાંકઃ- ખરચ-૨૦૦૨-૫૭-ઝ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૧/૦૮/૨૦૦૬.

**વંચાણમાં લીધાઃ**-નાણા વિભાગનો ઠરાવક્રમાંકઃ-ખરચ-૨૦૦૨-૫૭-૭૪૧-ઝ.૧,
તારીખઃ- ૧૬/ ૨ / ૨૦૦૬.

ઠ રા વ :-

આમુખમાં જણાવવામાં આવેલ ઠરાવથી રાજય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણુંકો ફીકસ્ડ પગારના અજમાયશી તરીકે કરવાની યોજના નકકી કરવામાં આવેલ છે. આ ઠરાવના ફકરા-૪ માં આ યોજના હેઠળ નિમાયેલ ઉમેદવારને નિયમિત ધોરણે સરકારી કર્મચારીઓને મળતા લાભો પૈકીના કોઈપણ લાભ મળી શકશે નહી તેમજ આ યોજના હેઠળ નિમાયેલ ઉમેદવાર તે અંગેની માંગણી કરી શકશે નહી, તે મુજબનો બાંહેધરીપત્ર નિમણુંકનો હુકમ આપતાં પહેલાં મેળવી લેવાનો રહેશે. તેમ જણાવવામાં આવેલ છે ,પરંતુ તે વખતે બાંહેધરી પત્ર તૈયાર કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાના અંતે રાજય સરકારે આ સાથે પરિશિષ્ટ-૧ માંઆપેલ બાંહેધરી પત્રનો નમૂનો નકકી કરેલ છે. તા.૧૬-૨-૨૦૦૬ના ઠરાવથી ઘડેલ યોજના હેઠળ નિમણુંક પામેલ ઉમેદવારો પાસેથી આ સાથે રાખેલ નમૂના મુજબનો બાંહેધરી પત્ર નિમણુંક આપનાર અધિકારીએ નિમણુંક આપતાં પહેલાં અચૂક મેળવવાનો રહેશે.

૩. તા.૧૬-૨-૨૦૦૬ના ઠરાવના ફકરા-૫ માં જણાવેલ પગાર ધોરણ પૈકી ક્રમાંકઃ-૧ માં રૂ.૨૫૦૦-૩૨૦૦નું પગાર ધોરણ જણાવવામાં આવેલ છે, તેના બદલે રૂ.૨૫૫૦-૩૨૦૦ વાંચવાનું રહેશે.

Collction By: Rikesh Patel

૪. આ યોજના હેઠળ નિમણુંક પામનાર ઉમેદવારોને નાણા વિભાગના તા.૧૮-૩-૦૫ના ઠરાવક્રમાંકઃ- નપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી થી રાજ્ય સરકાર દ્વારા તા.૧-૪-૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ નિયમિત નિમણુંક મળ્યા બાદ આવરી લેવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી.બી.પટેલ )
નાયબ સચિવ,
નાણા વિભાગ.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
  માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
  માન. મંત્રીશ્રીઓ / રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
  માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- રજીસ્ટ્રાર જનરલશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગુજરાતરાજ્ય, ગાંધીનગર.
  સચિવાલયના સર્વે વિભાગો.
  ખાતાના વડાઓ / કચેરીના વડાઓ.
  એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડીટ-૧, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
  એકાઉન્ટન્ટ જનરલશ્રી ( એ.એન્ડ એ.) ગુજરાત રાજ્ય,અમદાવાદ-રાજકોટ.
  સર્વે કલેકટરશ્રીઓ / જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
  નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/ સર્વે જીલ્લા સહાયક નિરીક્ષક.
  પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
  સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
  નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
  તમામ બોર્ડ / કોર્પોરેશન / યુનિવર્સિટીઓ અને જાહેર સાહસો.
  નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / નાણા સલાહકારશ્રીઓ.
  નાણા વિભાગની તમામ શાખાઓ.
  સર્વે માન્ય મંડળો ( પંચાયત સેવાના મંડળો સહિત )
  પસંદગી ફાઇલ ( ઝ.૧ શાખા ), નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- પત્ર દ્વારા.

Collction By: Rikesh Patel

## પરિશિષ્ટ-૧

## બાંહેધરી પત્ર

........................વિભાગ / કચેરીના તા. - - ના હુકમ / દફતર હુકમ / કાર્યાલય આદેશ / યાદી ક્રમાંકઃ- ..............................................થી મારી અજમાયશી સહાયક .......................... તરીકેની નિમણુંક થતાં નાણા વિભાગના તા.૧૬-૨-૨૦૦૬ના ઠરાવક્રમાંકઃ- ખરચ-૨૦૦૨-૫૭-ઝ.૧ માં જણાવેલ શરતોને આધિન પાંચ વર્ષ માટેના સમયગાળા માટે માસિક રૂા. /- ( અંકે રૂપિયા. . . . . . . . .. પુરા ) ના ફીકસ્ડ પગારના અજમાયશી સહાયક ...............તરીકેની મારી નિમણુંકને હું નીચે સહી કરનાર શ્રી.............................................., ઉંમર વર્ષ-.........સ્વીકાર કરૂં છું અને આથી લેખિત બાંહેધરી આપું છું કે,

૨. ........................વિભાગ / કચેરીમાં પ્રતિ માસ રૂા............/- (અંકે રૂપિયા............................પુરા ) ના ફીકસ્ડ પગારથી પાંચ વર્ષ માટે અજમાયશી સહાયક ............................તરીકેની મારી નિમણુંક સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪-૧૧-૯૫ના ઠરાવક્રમાંકઃ- વીસીએ-૧૦૮૯-યુઓ-૧૧૬-ગ.૨ માંની જોગવાઈ અનુસાર સબંધિત સત્તાધિકારી પાસેથી સરકાર દ્વારા મેળવેલ ચારિત્ર્ય અને પૂર્વ વૃત્તાંત અંગેના તપાસ અહેવાલ / પ્રમાણપત્ર સહિત નિમણુંકને લગતી સર્વ જોગવાઈઓ સબંધે કોઈપણ બાબત વાંધાજનક હશે તો મને આપવામાં આવેલ ઉકત સહાયક...................ની અજમાયશી તરીકે આપેલ નિમણુંક કોઈપણ જાતની નોટીસ આપ્યા વિના અને કોઈપણ જાતના કારણો દર્શાવ્યા સિવાય સમાપ્ત કરવામાં આવશે તો તે મને સ્વીકાર્ય છે.

૩. નિયમિત ધોરણે સરકારી કર્મચારીઓને મળવાપાત્ર લાભો પૈકીના કોઈપણ લાભ માટે તથા પાંચ વર્ષના ફીકસ્ડ પગારના અજમાયશી સમયગાળા માટેની મારી નિમણુંકને નોકરી વિષયક / સેવા વિષયક કે કોઈપણ બાબતમાં ધ્યાનમાં લેવા હું ક્યારેય માંગણી કરીશ નહીં.

૪. આ અગાઉ સરકારી નોકરીમાંથી મને બરતરફ / રૂખસદ મળેલ નથી તથા હું સરકારી નોકરી માટે ગેરલાયક જાહેર થયેલ નથી. સરકારી નોકરી માટે હું

લાયકાત ધરાવતો નથી, તેવું પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન કોઇ તબકકે સરકારના ધ્યાને જણાઇ આવે તો મને આપવામાં આવેલ નિમણુંક કોઇપણ

પ્રકારની નોટીસ આપ્યા વિના અને કોઇપણ પ્રકારના કારણો દર્શાવ્યા સિવાય સમાપ્ત કરવાનું મને સ્વીકાર્ય છે.

૫. મારી નિમણુકની જગ્યા / હોદ્દા સાથે સંકળાયેલી ફરજો બજાવવાની હું બાંહેધરી આપું છું. આ ફરજો બજાવવામાં મારી કોઇ ગંભીર ક્ષતિ / ગેરવર્તણુંક / નાણાંકીય ગેરરીતિ માલુમ પડે તો હું લાંબાગાળાની નોકરીના લાભો ગુમાવવા માટે તથા મારી સામે સરકાર ફોજદારી કાર્યવાહી કરી શકશે તે મને કબૂલ / મંજૂર / સ્વીકાર્ય છે.

૬. સરકાર તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ શરતો નકકી થાય તે મને બંધનકર્તા રહેશે.

૭. રાજયપત્રિત અધિકારીની રૂબરૂમાં,

.................................................

ઉમેદવારની સહી અને તારીખ.

૧. સહી :-

નામઃ-

હોદ્દો :-

કચેરી :-

સ્વીકારવામાં આવ્યું.

૨. સહી :-

નામ :-

હોદ્દો :-

કચેરી :-

સક્ષમ અધિકારી

..........................વિભાગ/કચેરી.



સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

Collction By: Rikesh Patel

ફાજલ કર્મચારીઓની નિમણૂક/બદલી બાબતે
માર્ગદર્શક સિધ્ધાંતો નક્કી કરવા બાબત

ગુજરાત રાજ્ય,
નાણાં વિભાગ.
પરિપત્ર ક્રમાંક: ફજલ/૧૦૨૦૧૦/૧૩૪/ઝ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા: ૪.૮.૨૦૧૦

**વંચાણે લીધો**

(૧) નાણા વિભાગ, ગાંધીનગરના તા.૨૪/૮/૨૦૦૯નો પરિપત્ર ક્રમાંક: ફજલ/ ૧૦૨૦૦૯/૦૧૨૩/ઝ.૧

**પરિપત્ર:-**

નાણા વિભાગના સદર્ભિત તા.૨૪/૮/૦૯ના પરિપત્રની શરત-(૩)માં ફાજલ કર્મચારીઓની જે તે કચેરીમાં ચાર (૪) વર્ષની મુદતથી પ્રતિનિયુક્તિથી ફાળવણી કરવા અંગે નિર્ણય લેવામાં આવેલ છે. આ સંદર્ભે રાજ્ય સરકારની તમામ કચેરીઓ, ખાતાના વડા, કલેક્ટરશ્રીઓ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ સહિતની જે કચેરીમાં નાણા વિભાગ/ફાજલ સેલ દ્વારા અગાઉ બે વર્ષની મુદત માટે પ્રતિનિયુક્તિથી ફાળવેલ બોર્ડ/નિગમ તથા રાજ્ય સરકારની કચેરીઓના **ફાજલ કર્મચારીઓની પ્રતિનિયુક્તિની મુદત બે વર્ષના બદલે હવે ચાર વર્ષ ગણવાની રહેશે.**

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રવીણ બી. દરજી)
નાયબ સચિવ,
ગુજરાત રાજ્ય.

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

--૨--

Collction By: Rikesh Patel



- ❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- ❖ રજીસ્ટ્રાર જનરલશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- ❖ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- ➢ સચિવાલયના સર્વે વિભાગો.
- ➢ ખાતાના વડાઓ / કચેરીના વડાઓ.
- ➢ એકાઉન્ટ જનરલશ્રી, ઓડીટ–૧, ગુજરાત રાજય, અમદાવાદ.
- ➢ એકાઉન્ટ જનરલશ્રી, ઓડીટ–૨, ગુજરાત રાજય, રાજકોટ.
- ➢ એકાઉન્ટ જનરલશ્રી, (એ. એન્ડ એ.), ગુજરાત રાજય, રાજકોટ.
- ➢ સર્વે કલેકટરશ્રીઓ.
- ➢ સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- ➢ નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ / સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રી.
- ➢ પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- ➢ સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ / પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- ➢ નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- ➢ તમામ બોર્ડ / કોર્પોરેશન / યુનીવર્સિટીઓ અને જાહેર સાહસો.
- ➢ નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / નાણા સલાહકારશ્રીઓ.
- ➢ એકઝીકયુટીવ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, "GSWAN" પર પ્રસિધ્ધિ અર્થે.
- ➢ નાણા વિભાગની તમામ શાખાઓ.
- ➢ સર્વે માન્ય મંડળો (પંચાયત સેવા મંડળો સહિત)
- ➢ પસંદગી ફાઈલ (ઝ.૧) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ સિલેકટ ફાઈલ.

---

- ❖ પત્ર ધ્વારા.

———o———

Collction By: Rikesh Patel

**રાજય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂકોનો ફીકસ પગાર સુધારવા બાબત.**

# ગુજરાત સરકાર

## નાણા વિભાગ

ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/૫૭-(પાર્ટ-૨)/ઝ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૬/૧૦/૨૦૧૧

સંદર્ભ- (૧) નાણા વિભાગનો તા.૧૬/૨/૨૦૦૬નો ઠરાવ ક્ર:ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧
(૨) નાણા વિભાગનો તા.૧/૮/૨૦૦૬નો ઠરાવ ક્ર:ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧
(૩) સા.વ. વિભાગનો તા.૪/૬/૨૦૦૯નો ઠરાવ ક્ર:સીઆરઆર/૧૧૨૦૦૮/૪૩૩/૭૧૭/ગ.૫
(૪) નાણા વિભાગનો તા.૨૯/૪/૨૦૧૦નો ઠરાવ ક્ર:ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧

**-: આમુખ :-**

સંદર્ભ (૧) અને (૨)માં દર્શાવેલ નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ અને તા.૧/૮/૨૦૦૬ના ઠરાવોથી રાજય સરકારની કચેરીઓમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગોમાં રાજય સરકારની કરકસરની નીતિના ભાગરૂપે ૫ (પાંચ) વર્ષ માટે ફીકસ પગારથી સીધી ભરતીથી નિમણૂકો કરવાની નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે. આ ઠરાવો સંદર્ભમાં સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ (૩) માં દર્શાવેલ તા.૪/૬/૨૦૦૯ના ઠરાવથી કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂક બાબતની શરતો અને બોલીઓ નિયત કરવામાં આવેલ છે. સંદર્ભ (૪)ના તા.૨૯/૪/૨૦૧૦ના ઠરાવથી સંદર્ભ (૧)ના ઠરાવથી નિયત કરવામાં આવેલ ફીકસ પગારના દરોમાં સુધારો કરવામાં આવેલ છે.

ઉકત ઠરાવો અન્વયે નિયત કરવામાં આવેલ ફીકસ પગારમાં સુધારો કરવા બાબતે રાજય સરકારને વ્યકિતગત તેમજ કર્મચારી સંગઠનો તરફથી રજુઆતો મળેલ છે. જેને ધ્યાનમાં લેતાં, સંદર્ભ (૪)થી નિયત કરેલ ફીકસ પગારની રકમ સુધારવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી.

પાછળ..

Collction By: Rikesh Patel

## // ઠરાવ //

રાજય સરકારે કાળજીપૂર્વકની વિચારણાને અંતે સંદર્ભ (૪)ના ઠરાવથી માસિક ફીકસ પગારના નક્કી કરેલા દરમાં નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબ વધારો કરવા નિર્ણય કરેલ છે.

**પત્રક**

| અ.નં. | હાલનો ફીકસ પગાર (રૂપિયા) તા.૨૯/૪/૨૦૧૦ના ઠરાવ મુજબ | સુધાર્યા મુજબનો ફીકસ પગાર (રૂપિયા) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ૩૫૦૦ | ૪૫૦૦ |
| ૨ | ૪૫૦૦ | ૫૩૦૦ |
| ૩ | ૫૦૦૦ | ૯૪૦૦ |
| ૪ | ૬૦૦૦ | ૧૦,૦૦૦ |

આ સુધારેલ ફીકસ પગારનો અમલ તા.૧/૧૦/૨૦૧૧થી કરવાનો રહેશે. રાજય સરકારમાં હવે પછી ફીકસ પગારની તા.૧૬/૨/૨૦૦૬ના ઠરાવ અન્વયેની નીતિ અનુસાર સીધી ભરતીથી થતી નિમણૂકોમાં પણ આ ઠરાવથી સુધાર્યા મુજબનો ફીકસ પગાર ચુકવવાનો રહેશે.

નાણા વિભાગના સંદર્ભ (૧) અને (૨) માં દર્શાવેલ અનુક્રમે તા.૧૬/૨/૨૦૦૬ અને તા.૧/૮/૨૦૦૬ના ઠરાવોમાં તેમજ સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ (૩) માં દર્શાવેલ તા.૪/૬/૨૦૦૯ના ઠરાવમાં દર્શાવેલ અન્ય તમામ શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એસ.વી.પડધરીયા )
નાયબ સચિવ
નાણા વિભાગ

C:\Documents and Settings\admin\Desktop\FiX_Pay_Resolution_61011.doc

Collction By: Rikesh Patel

પ્રતિ,

- ❖ માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- ❖ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- ❖ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ➢ માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માન. રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- ➢ માન. વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ સચિવાલયના સર્વે વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ અધિક સચિવશ્રી / સંયુકત સચિવશ્રી / નાયબ સચિવશ્રી (બજેટ), સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- ➢ સર્વે ખાતાના વડાઓ.
- ➢ એકાઉન્ટ જનરલશ્રી (ઓડીટ), ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- ➢ એકાઉન્ટ જનરલશ્રી (એ. એન્ડ ઈ.), ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- ➢ નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- ➢ પગાર અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- ➢ વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર / વડોદરા / રાજકોટ / ભાવનગર / અમદાવાદ.
- ➢ સર્વે નાણા સલાહકારશ્રીઓ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / સર્વે શાખાઓ (નાણા શાખાઓ સહિત), સચિવાલય, ગાંધીનગર.
- ➢ નાણા વિભાગની વિસ્તૃત અંદાજપત્ર શાખાનાં સર્વે ગૃપ.
- ➢ મેસર્સ ટાટા કન્સલટન્સી સર્વિસીસ લી., ગાંધીનગર.
- ➢ સીસ્ટમ મેનેજરશ્રી, ટાટા કન્સલટન્સી સર્વિસીસ લી. તરફ નાણા વિભાગની વેબસાઈટ ઉપર આ પરિપત્ર મૂકવાની વિનંતી સાથે.
- ➢ સિલેકટ ફાઈલ ઝ.૧ શાખા.

---

❖ પત્ર ધ્વારા.

Collction By: Rikesh Patel

Revision of fix pay of the employees recruited directly on the posts of all class-III and class-IV cadres in State Government services

Government of Gujarat
Finance Department
Resolution No. KHRCH/2002/57/(PART-2)Z.1
Sachivalay, Gandhinagar
Date: 20/10/2014

Reference:

(1) Resolution, Finance Department, No. KHRCH/2002/57/Z.1 dated 16/2/2006
(2) Resolution, Finance Department, No. KHRCH/2002/57/Z.1 dated 1/08/2006
(3) Resolution, General Administration Department, No. CRR/112008/433/717/G.5 dated 4/6/2009
(4) Resolution, Finance Department, No. KHRCH/2002/57/Z.1 dated 29/4/2010
(5) Resolution, Finance Department, No. KHRCH/2002/57/(PART-2)/Z.1 dated 6/10/2011

Preamble:

As per the Resolutions of Finance Department dated 16/2/2006 and 1/8/2006 cited at (1) and (2) above, State Government has implemented the policy of direct recruitment with fix pay for 5 (five) years in all cadres of class-3 and class-4 services in State Government offices as a part of State Government's policy of economy. In the context of these Resolutions, terms and conditions for the

appointment with contract based fix pay have been prescribed vide the Resolution of General Administration Department dated 4/6/2009 cited at (3) above,. The fix pay scale prescribed in Resolution cited at (1) above has been revised vide the Resolution dated 6/10/2011 cited at (5).

Over a period of time. State Government has received representations from individuals and employees' unions to revise the fix pay prescribed in above mentioned Resolutions. Keeping them in view, the matter of revising the amount of fix pay prescribed in the Resolution cited at (5) above was under consideration of the State Government.

Resolution:

The State Government, after careful consideration, has decided to increase the rate of monthly fix pay prescribed in the Resolution cited at (5) above, as follows.

TABLE

| Sr. No. | Present fix pay (Rs.) as per the Resolution dated 6/10/2011 | Revised fix pay (Rs.) |
|---|---|---|
| 1 | 2 | 3 |
| 1 | Rs. 4500 | Rs. 7100/- |
| 2 | Rs. 5300 | Rs. 7800/- |
| 3 | Rs. 9400 | Rs. 13500/- |
| 4 | Rs. 10000 | Rs. 13700/- |

This revised fix pay shall be implemented from the date 01/10/2014. Now onwards, the fix pay, revised by this Resolution, shall be paid in respect of

Collection By: Rikesh Patel

appointments through direct recruitment in the State Government as per the policy laid down in Resolution dated 16/2/2006.

All other conditions mentioned in the Resolutions of Finance Department dated 16/2/2006 and 1/8/2006 cited at (1) and (2) cited above respectively and Resolution of General Administration Department dated 4/6/2009 cited at (3) above shall remain unchanged.

By order and in the name of Governor of Gujarat,

Sd/-

(G. P. Patel)

Deputy Secretary

Finance Department

Collction By: Rikesh Patel

To,

–Secretary to Honorable Governor, Rajbhavan, Gandhinagar

–Principal Secretary to Honorable Chief Minister, Sachivalay, Gandhinagar

–Personal Secretary to Honorable Ministers/ Ministers of State

–Personal Secretary to the Honorable leader of the opposition, Gujarat Legislative Assembly Sachivalay, Gandhinagar

–Secretary, Gujarat Legislative Assembly Sachivalay, Gandhinagar

–Secretary, Gujarat Vigilance Commission, Gandhinagar

–Secretary, Gujarat Public Service Commission, Gandhinagar

–Registrar, Gujarat High Court, Ahmedabad

–Secretary, Gujarat Civil Service Tribunal, Gandhinagar

–Secretary, Gujarat Subordinate Service Selection Board, Gandhinagar

–All the Departments of Sachivalay

(With the request to circulate to the Heads of the Departments/Offices)

–Accountant General-1 (Audit), Gujarat State, Ahmedabad/Rajkot

–Accountant General-2 (A and E), Gujarat State, Ahmedabad/Rajkot

–Directorate of Accounts and Treasury, Gandhinagar

–Inspector, Local Account Fund, Account Office, Gandhinagar

–Director, Office of the Pension and Provident Fund, Gandhinagar

–Pay and Accounts Officer, Ahmedabad/Gandhinagar

–All the District Assistant Inspectors

–Residential Inspecting Officer, Gandhinagar/Ahmedabad

–All the Officers/Branches of Finance Department

–System Manager, Finance Department - to put on the website

Select File – Z.1 Branch

---

By letter.

Collction By: Rikesh Patel

રાજય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂકોનો ફીકસ પગાર પર ''ખાસ ભથ્થું'' આપવા તેમજ તેમની સેવાની શરતોમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
**નાણા વિભાગ**
ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)ઝ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૦/૧૦/૨૦૧૫

સંદર્ભ- (૧) નાણા વિભાગનો તા.૧૬/૨/૨૦૦૬નો ઠરાવ ક્રઃખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧
(૨) નાણા વિભાગનો તા.૧/૮/૨૦૦૬નો ઠરાવ ક્રઃખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧
(૩) સા.વ. વિભાગનો તા.૪/૬/૨૦૦૯ નો ઠરાવ ક્રઃસીઆરઆર/૧૧૨૦૦૮/૪૩૩/૭૧૭/ગ.૫
(૪) નાણા વિભાગનો તા.૨૯/૪/૨૦૧૦નો ઠરાવ ક્રઃખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧
(૫) નાણા વિભાગનો તા.૬/૧૦/૨૦૧૧નો ઠરાવ ક્રઃખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨) /ઝ.૧
(૬) નાણા વિભાગનો તા.૨૦/૧૦/૨૦૧૪નો ઠરાવ ક્રઃખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨) /ઝ.૧

**// આમુખ //-**

સંદર્ભ (૧) અને (૨) માં દર્શાવેલ નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ અને તા.૧/૮/૨૦૦૬ના ઠરાવોથી રાજય સરકારની કચેરીઓમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગોમાં રાજય સરકારની કરકસરની નીતિના ભાગરૂપે ૫ (પાંચ) વર્ષ માટે ફીકસ પગારથી સીધી ભરતીથી નિમણૂકો કરવાની નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે. આ ઠરાવો સંદર્ભમાં સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ (૩) માં દર્શાવેલ તા.૪/૬/૨૦૦૯ના ઠરાવથી કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂક બાબતની શરતો અને બોલીઓ નિયત કરવામાં આવેલ છે. સંદર્ભ-(૬)ના તા.૨૦/૧૦/૨૦૧૪ના ઠરાવથી સંદર્ભ (૧)ના ઠરાવથી નિયત કરવામાં આવેલ ફીકસ પગારના દરોમાં સુધારો કરવામાં આવેલ છે.

છેલ્લા કેટલાંક સમયથી ઉકત ઠરાવો અન્વયે નિયત કરવામાં આવેલ ફીકસ પગારમાં તેમજ તેઓની સેવાની શરતોમાં સુધારો કરવા બાબતે રાજય સરકારને રજુઆતો મળેલ હતી. સંદર્ભ (૬)થી નિયત કરેલ ફીકસ પગારની રકમ સુધારવાની તેમજ આ ફીકસ પગારના કર્મચારીઓની સેવાની શરતોમાં સુધારો કરવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી.

// ઠરાવ //

રાજય સરકારે કાળજીપૂર્વકની વિચારણાને અંતે સંદર્ભ (૬)ના ઠરાવથી માસિક ફીકસ પગારના નક્કી કરેલા પગાર પર **"ખાસ ભથ્થું"** આપવા તેમજ આ ફીકસ પગારના કર્મચારીઓની સેવાની શરતોમાં સુધારો કરવાનો નિર્ણય કરેલ છે.

૧. ફિક્સ પગારમાં નીચે મુજબ વધારો સુચવવામાં આવેલ છે.

| ક્રમ | તા.૨૦/૧૦/૨૦૧૪ના ઠરાવ મુજબ નિયત થયેલ ફિક્સ પગાર | ફીકસ પગાર ઉપર માસિક "ખાસ ભથ્થું" | **"ખાસ ભથ્થા"** ઉપર વાર્ષિક વધારો |
|---|---|---|---|
| ૧ | રૂ.૭૧૦૦ | રૂ.૧૯૦૦ | રૂ.૧૫૦૦ |
| ૨ | રૂ.૭૮૦૦ | રૂ.૨૨૦૦ | રૂ.૧૫૦૦ |
| ૩ | રૂ.૧૩૫૦૦ | રૂ.૧૫૦૦ | રૂ.૧૫૦૦ |
| ૪ | રૂ.૧૩૭૦૦ | રૂ.૧૮૦૦ | રૂ.૧૫૦૦ |

૨. મહેનતાણાનું રક્ષણ.

ફિક્સ પગારના કર્મચારી સમાન કક્ષાની કે, ઉપલી કક્ષાની ફિક્સ પગારની અન્ય સંવર્ગની જગ્યામાં જોડાય તો તેને જે "ખાસ ભથ્થા" સહિતનું મહેનતાણું મળે છે તેનાથી ઓછું મહેનતાણું આપી શકાશે નહિં. આમ કરતાં "ખાસ ભથ્થું" સહિતની વધારાની મળતી રકમને અંગત મહેનતાણું તરીકે ગણવાની રહેશે. આ મુજબ કરવાથી તેઓને મળવાપાત્ર પ્રવરતામાં કોઇ ફેરફાર મળવાપાત્ર થશે નહિં.

૩. ફીકસ પગારના કર્મચારીને નીચે મુજબ મુસાફરી ભથ્થુ અને દૈનિક ભથ્થુ આપવામાં આવે છે.

| ક્રમ | રોકાણનો સમયગાળો | તા.૧૮/૯/૨૦૧૪ના ઠરાવ મુજબ નિયત થયેલ દૈનિક ભથ્થુ | નિયમિત કર્મચારીને મળતા ભથ્થા મુજબ સૂચિત વધારો. |
|---|---|---|---|
| ૧ | ૬ કલાક થી વધુ પરંતુ ૧૨ કલાકથી ઓછુ રોકાણ | રૂ.૫૦ | રૂ.૧૨૦ |
| ૨ | ૧૨ કલાકથી વધુ રોકાણ | રૂ.૧૦૦ | રૂ.૨૪૦ |

| | | | |
|---|---|---|---|
| ૩ | મુસાફરી ખર્ચ | રાજ્ય એસ.ટી. નિગમની બસનુ ભાડુ / જો રેલવે ધ્વારા પ્રવાસ હોય તો રેલ્વેના બીજા વર્ગનું ટૂંકામાં ટૂંકા રૂટનું રેલવે ભાડુ | નિયમિત કર્મચારીને મળતા રાજ્ય એસ.ટી. નિગમની બસનુ ભાડુ / રેલવે ભાડુ મળવાપાત્ર થશે. |

૪. **<u>રજાઓ.</u>**

| ક્રમ | હાલ મળવાપાત્ર રજાઓ. | સૂચિત વધારાની રજાઓ. |
|---|---|---|
| ૧ | ૧૨ પરચૂરણ રજા. | કર્મચારીને અન્ય આકસ્મિક સંજોગો માટે વાર્ષિક ૧૫ રજાઓ વધારાની મળશે. આ રજાઓ આગામી વર્ષમાં કેરીફોરવર્ડ કરી શકાશે. પરંતુ આવી રજાઓ ૩૦ થી વધુ જમા થઇ શકશે નહિં. આ રજાઓ કોઇપણ હેતુ માટે વાપરી શકશે. જેને ખાસ રજા તરીકે ગણવાની રહેશે. |
| ૨ | - | કર્મચારીની પોતાની ગંભીર બિમારી કે અકસ્માતના કારણે થયેલી ગંભીર ઇજાના સંજોગોમાં તેઓને ખાસ રજા મંજૂર કરવા સંબંધિત વિભાગ નાણા વિભાગની મંજૂરી મેળવી રજા મંજૂર કરી શકશે. અને આ રજાના સમયગાળાનો નિયમાનુસાર પગાર-ભથ્થાં મળવાપાત્ર થશે. |

૫. **<u>તબીબી સારવારના લાભો.</u>**

ફિક્સ પગારના કર્મચારી પતિ, પત્ની અને બાળકોના કિસ્સામાં તબીબી સારવારના લાભો માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની **<u>"મા વાત્સલ્ય"</u>** યોજનાની પેટર્ન મુજબ "મા કર્મયોગી" યોજનાની શરૂઆત કરવામાં આવશે.

૬. **<u>ગેરવર્તણૂંક.</u>**

ગુ.રા.સે.(વ) નિયમો-૧૯૭૧ના નિયમો મુજબની વર્તણૂંક અપેક્ષિત છે. ગેરવર્તણૂંક કે ફરજ બજાવવાની યોગ્યતાના/ક્ષમતાના અભાવે એક માસની નોટીસ અથવા એક માસના ફીકસ પગારનું ચૂકવણૂં કરી નોટીસ આપ્યા સિવાય સેવાનો અંત લાવી શકાય છે. આમ એક માસની નોટીસ કે રાજીનામું મંજૂર થયા બાદ છુટા થઇ શકાય.

કેટલીક વાર ફિક્સ પગારના કર્મચારીઓને વાજબી કારણો સિવાય છૂટા કરવાના બનાવો બનતા હોવાની રજૂઆત મળેલ છે. આથી, આ કર્મચારીઓને છૂટા કર્યા હોય તો તેની સામે તે સંબંધિત વિભાગના સચિવશ્રીને રજૂઆત કરી શકશે જેઓ આ અંગે સામાન્ય વહીવટ વિભાગના પરામર્શમાં પુનઃ વિચારણા કરી શકશે.

૭. <u>વધારાની કામગીરી માટે મહેનતાણું.</u>

ફિક્સ પગારના કર્મચારીને સમાન અથવા ઉપલી જગ્યાનો વધારાનો હવાલો સોંપવામાં આવે તો આ ફિક્સ પગારના કર્મચારીને મળવાપાત્ર મહેનતાણાના પાંચ ટકા/ દસ ટકા વધારાનું મહેનતાણું મંજૂર કરવામાં આવશે. આ ઉપરાંત આ કર્મચારીઓ દ્વારા કોઇ ચોકક્કસ વધારાની કામગીરી કરેલ હશે તો તે અંગે તેઓને અન્ય કર્મચારીઓ માફક જરૂરી મહેનતાણું મળવાપાત્ર થશે.

૮. <u>ગુજરાત સરકાર દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષા માટે રજા.</u>

ફિક્સ પગારના કર્મચારી ગુજરાત સરકાર દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષા માટે રજાની માંગણી કરે તો કચેરીની વહીવટી અનુકૂળતા ધ્યાને લઇ ખાતાના વડા/ કચેરીના વડા અધિકૃત ગેરહાજરી મંજૂર કરવા માટે પોતાની વિવેક બુધ્ધિના આધારે સહાનુભૂતિપૂર્વક નિર્ણય લેશે.

૯. <u>અકસ્માત / કુદરતી મૃત્યુના કિસ્સામાં વીમા કવચ.</u>

કરાર આધારિત ફિક્સ પગારથી ફરજ બજાવતા કર્મચારીઓને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના હેઠળના રૂ. બે લાખના પેકેજમાં આવરી લેવામાં આવશે. આ અંગેનું પ્રીમિયમ રાજ્ય સરકાર દ્વારા ભરવામાં આવશે. આ અંગેનો અંદાજિત વાર્ષિક ખર્ચ રૂ.૧૨ લાખ થશે.

આ ઠરાવનો અમલ તા.૧/૧૦/૨૦૧૫ થી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી.પી.પટેલ )
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

૦- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

o- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
o- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
o- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
o- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ
o- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
o- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
  (ખાતાના વડાઓ/કચેરીના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે )
- એકાઉન્ટન્ટ જનરલ-૧ (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- એકાઉન્ટન્ટ જનરલ-૨ (એ. એન્ડ ઈ.), ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક હિસાબ ભંડોળ, હિસાબની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ,
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ
- સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઈટ ઉપર મૂકવા સારૂ.
- સીલેકટ ફાઈલ- ઝ.૧ શાખા

---------------------

o પત્ર દ્વારા

Collction By: Rikesh Patel

સીધી ભરતીથી નિમણૂકના કેસમાં ફીકસ પગારની
સેવાની શરતોમાં સ્પષ્ટતા કરવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક :- ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૧/૦૧/૨૦૧૬

**સંદર્ભ:- (૧) નાણા વિભાગનો તા: ૨૦/૧૦/૨૦૧૫ નો સરખા ક્રમાંકનો ઠરાવ**

## પ્રસ્તાવના:-

રાજય સરકારના તમામ સંવર્ગની વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાઓ પર સીધી ભરતીથી નિમણૂક પામીને ફીકસ પગાર મેળવતાં કર્મચારીઓની સેવાની શરતોમાં સુધારો, ઉક્ત સંદર્ભમાં દર્શાવેલ ઠરાવથી બહાર પાડવામાં આવેલ છે. આ ઠરાવનીએ જોગવાઇઓ બાબતે કેટલીક સ્પષ્ટતાઓ બહાર પાડવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ સ્પષ્ટતા બહાર પાડવાનું આથી ઠરાવવામાં આવે છે.

## ઠરાવ :-

(૧) <u>ખાસ ભથ્થામાં વાર્ષિક વધારા બાબત</u>

નાણા વિભાગની ફિક્સ પગારની નીતિ અનુસાર નિમણૂક પામેલ દરેક કર્મચારીને વાર્ષિક વધારો તા: ૦૧/૧૦/૨૦૧૬થી મળવાપાત્ર થશે.

(૨) <u>ખાસ રજાઓ બાબત</u>

જે કર્મચારીઓ તા: ૦૧/૧૦/૨૦૧૫ ના રોજ સેવામાં ચાલુ છે તેઓને તા: ૦૧/૧૦/૨૦૧૫ થી તા: ૩૧/૧૨/૨૦૧૫ સુધી ત્રણ માસ માટે ચાર "ખાસ રજાઓ " મળવાપાત્ર થશે. કર્મચારીઓને રજા, કેલેંડર વર્ષ શરૂ થતાં જાન્યુઆરી માસમાં જમા થતી હોવાથી, ૧૫ "ખાસ રજાઓ " જાન્યુઆરી માસમાં જમા મળશે. સક્ષમ અધિકારી આ ખાસ રજાઓ, પ્રાપ્ત રજાના નિયમો મુજબ, મંજુર કરી શકશે.

(૩) <u>ગેરવર્તણૂંક</u>

ઉક્ત સંદર્ભમાં દર્શાવેલ ઠરાવના મુદા નં.-(૬)ની ગેરવર્તણૂંક અંગેની જોગવાઇ

Collction By: Rikesh Patel

તા:૦૧/૧૦/૨૦૧૫ પહેલા નિમણૂક પામેલ દરેક ફિક્સ પગારના કર્મચારીઓને લાગુ પાડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી.પી.પટેલ )
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
- (ખાતાના વડાઓ/કચેરીઓના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે)
- એકાઉન્ટ જનરલ-૧ (ઓડિટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- એકાઉન્ટ જનરલ-૨ (એ.એન્ડ ઇ.) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- હિસાબી અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક હિસાબ ભંડોળ, હિસાબની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ
- નિવાસી તપાસણી અધિકારીશ્રીઓ, અમદાવાદ / ગાંધીનગર
- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ
- સીસ્ટમ મેનેજરશ્રી,નાણા વિભાગ વેબસાઇટ ઉપર મુકવા સારૂ
- સિલેક્ટ ફાઇલ ઝ.૧ શાખા

---

- પત્ર દ્વારા

Collction By: Rikesh Patel

Clarification regarding the conditions governing fixed pay in the case of appointment through direct recruitment

Government of Gujarat
Finance Department
Resolution No. Exp/2002/57/(Part-2)Z.1
Sachivalay, Gandhinagar
Dt. 01-01-2016

**Ref** :-(1) Even numbered resolution dated 20-10-2015 of Finance Department

## Preamble:-

Modification in the conditions governing the service of employees receiving fixed pay after being appointed through direct recruitment on all Class-3 and Class-4 cadre in the state Government have been issued vide the resolution cited above. It was under consideration to issue some clarification regarding the provisions of the said resolution. After careful consideration, it is hereby decided to issue following clarifications.

## Resolution:-

1. **Regarding annual increase in special allowance**

   Annual Increase shall be admissible from 01-10-2016 to all employees appointed under the fixed pay policy of Finance Department

2. **Regarding Special Leave**

   "Special Leave" of four days for three months 01-10-2015 to 31-12-2015 shall be admissible to the employees who were in service on 01-10-2015. As leave to the employees are credited in January month in the beginning of the calendar, 15 days of "Special Leave" shall be credited in the month of January. The Competent Authority shall sanction the " Special Leave" as per the Rules for " Earned Leave".

3. **Misconduct**

   Provision regarding misconduct mentioned at the point No.6 of the above mentioned resolution shall also apply to all employees appointed with fixed pay before 01-10-2015.

By order and in the name of the Governor of Gujarat,

સહી/-
(G.P.Patel)
Deputy Secretary
Finance Department

Copy Forwarded to

-*The Secretary to the Hon'ble Governor, Raj Bhavan, Gandhinagar.
-The Chief Principal Secretary to the Hon'ble Chief Minister, Sachivalay, Gandhinagar.
-The Principal Secretary to the Hon'ble Chief Minister, Sachivalay, Gandhinagar
-The Personal Secretary to all the Hon'ble Ministers/ Ministers of State, Sachivalay, Gandhinagar.
-The Personal Secretary to Hon. Leader of Opposition, Gujarat Legislative Assembly, Sachivalay, Gandhinagar.
-*The Secretary, Gujarat Legislative Assembly, Sachivalay, Gandhinagar
-*The Secretary, Gujarat Vigilance Commission, Gandhinagar.
-*The Secretary, Gujarat Public Service Commission, Ahmedabad.
-*The Registrar, Gujarat High Court, Sola, Ahmedabad.
-*The Chairman, Gujarat Civil Service Tribunal, Gandhinagar.
-*The Secretary, Gujarat Subordinate Service Selection Board, Gandhinagar.
-All the Departments of Sachivalay.(with a request to circulate among all the Heads of the offices).
-The Accountant General-1(Audit), Gujarat State, Ahmedabad/ Rajkot.
-Office of the Accountant General, (A & E), Gujarat State, Ahmedabad/ Rajkot.
-The Director, Accounts and Treasury, Gandhinagar.
-The Inspector, Office of Local Fund and Accounts, Gandhinagar.
-The Director of Pension and Provident Fund, Gandhinagar.
-The Office of Pay and Accounts Officer, Ahmedabad/ Gandhinagar.
-All the Assistant District Inspectors
-The Local Audit Officer, Ahmedabad/ Gandhinagar.
-All the officers and branches of Finance Department.
-The System Manager, Finance Department (To put on website).
-Select File- Z1 branch.

*By letter

.Collction By: Rikesh Patel

Regarding appointment of the fixed pay employee on contract basis to the class-III and class-IV posts

Government of Gujarat
Finance Department
Resolution no: KhRCh/ 2002/57/(part-3)/Z-1
Sachivalaya, Gandhinagar.
Dt. 28/03/2016

**Read:**

1. Government Resolution of General Administration Department no- CRR/11/2008/433717/G.5 dated 04/06/2009.
2. Government Resolution of Finance Department no- KhRCh /2002/57/ (part-2) Z-1 dated 20/10/2015.
3. Government Resolution of Finance Department no- KhRCh /2002/57/ (part-2) dated 01/01/2016.

**Resolution:**

The terms and conditions for contractual appointments with fixed pay on class-III and class-IV posts were prescribed vide the General Administration Department's resolution dated 04/06/2009 cited at (1) above. Thereafter, an amendment has been made therein vide the resolutions cited at (2) and (3) above. Taking them into consideration, the terms and conditions of the service, prescribed vide the statement-1 enclosed with the General Administration Department resolution cited at (1) above, are hereby cancelled. Instead of that, the terms and conditions of service according to the statement-1 attached herewith, shall be applicable.

By order and in the name of the Governor of Gujarat,

Sd/
(G.P.Patel)
Deputy Secretary
Finance Department

Enclosure – Statements 1, 2 and 3.

To,

*The Secretary to the Hon'ble Governor, Raj Bhavan, Gandhinagar.

The Chief Principal Secretary to the Hon'ble Chief Minister, Sachivalay, Gandhinagar.

The Principal Secretary to the Hon'ble Chief Minister, Sachivalay, Gandhinagar

The Personal Secretary to all the Hon'ble Ministers/ Ministers of State, Sachivalay, Gandhinagar.

The Personal Secretary to Hon. Leader of Opposition, Gujarat Legislative Assembly, Sachivalay, Gandhinagar.

*The Secretary, Gujarat Legislative Assembly, Sachivalay, Gandhinagar

*The Secretary, Gujarat Vigilance Commission, Gandhinagar.

*The Secretary, Gujarat Public Service Commission, Ahmedabad.

*The Registrar, Gujarat High Court, Sola, Ahmedabad

*The Chairman, Gujarat Civil Service Tribunal, Gandhinagar

*The Secretary, Gujarat Subordinate Service Selection Board, Gandhinagar

All the Departments of Sachivalay(with a request to circulate among all the Heads of the offices)

The Accountant General-1(Audit), Gujarat State, Ahmedabad/ Rajkot

The Accountant General-2(A&E), Gujarat State, Ahmedabad/ Rajkot

The Director of Accounts and Treasury, Gandhinagar

The Inspector of Local Audit Fund accounts, Gandhinagar

The Director of Pension and Provident fund, Gandhinagar

The Pay and Accounts Officer, Ahmedabad/ Gandhinagar

All the assistant district inspectors

All the Resident Audit officers, Ahmedabad/ Gandhinagar

All the officers and branches of Finance Department

The System Manager, Finance Department (To publish on website).

Select File- Z1 branch.

*By letter

## Statement-1

The terms and conditions of the employee getting contractual appointments by fixed pay on the class-III post of ------------- at ------- under -----------Department:

(1) Shri/Shrimati/Ku.----------------has been appointed on contract with fixed pay for the period of five years from his/her joining date on monthly fix pay of ----- apart from the special allowance(an annual increment of `1500 on "special allowance" is admissible from dt. 1/10/2016) of `------ for class-3 post of --------. If he or she joins another post with fixed pay of equal or higher cadre, he/she will be given pay protection with special pay. This appointment shall be subjected to final judgment of S.L.P. no 14124/2012 filed in the Hon. Supreme Court.

(2) Shri/Shrimati/Ku. ----------------shall not be entitled for any of the benefits as a government employee nor can he/she demand such benefits.

(3) Shri/Shrimati/Ku.----------------shall be entitled for travelling and daily allowance as per provision of the resolution of Finance Department no. KhRCh/2002/57/(part-2)Z-1 dated 20/10/2015, whenever occasions of travelling for government work during agreement period arises.

(4) (A) Shri/Shrimati/Ku. ---------------- shall be entitled for 12 casual leave per year during the agreement period.

(B) Shri/Shrimati/Ku. ---------------- shall be entitled for 15 special leave per year in emergencies during the agreement period. The leave can be carried forward to next year but more than 30 such leave cannot be credited. These leave can be utilized for any purpose. The competent authority can sanction these leave according to the rules governing earned leave. These leaves shall be credited in January month beginning in a calendar year.

(C) In case Shri/Shrimati/Ku. ----------------suffers from any severe disease or injury by accident during the contract period, he/she can be granted special leaves after getting approval of the concerned branch of the Finance Department and during this period, pay and allowances as per the rules shall be admissible.

(D) Shrimati/Ku. ------------- (female employee) shall be entitled for maternity leaves according to the Gujarat Civil Service Rules-2002 during the contract period.

(5) Shri/Shrimati/Ku.----------------shall not be entitled during the contract period for any other leave than those mentioned at no. (4) above. Apart from that, if he/she remains absent from duty, the remuneration of such days of absence shall be deducted from his/her fix pay and the contract period shall be extended by such number of days.

(6) The service period of this contractual appointment of Shri/Shrimati/Ku. ---------------- shall not be taken into consideration for benefits admissible under government policies related to job, service or ex-gratia appointment.

(7) Shri/Shrimati/Ku. ---------------- shall perform the duties and responsibilities whichever are assigned by his/her immediate higher officer or higher authorities.

(8) Shri/Shrimati/Ku. ---------------- shall normally perform duties during office hours. However, he/she shall perform duty beyond office-hours, if instructed by the concerned higher authority.

--2--

(9) In case Shri/Shrimati/Ku.--------------- is given charge of equal or higher post, the candidate on fixed pay shall be admissible remuneration of extra five/ten percentage of the admissible remuneration respectively.

(10) During the contract period, Shri/Shrimati/Ku.--------------- is expected to behave according to the rules of conduct prescribed vide Gujarat Civil Service (conduct) Rules, 1971.

(11) Shri/Shrimati/Ku --------------- shall give a guarantee as per the statement–2 enclosed herewith.

(12) After the contract period, Shri/Shrimati/Ku --------------- shall be considered for appointment on the relevant post in regular pay scale of `---------, grade pay of `-------- keeping following points in view:

(A) The matter of appointing such fixed pay candidate in regular pay-scale shall be taken into consideration based on the evaluation report of entire contract period.
(B) Shri/Shrimati/Ku................................. shall not be appointed on regular pay-scale if he/she does not pass the prescribed pre-service training and post-training examinations for the post of ...................., class III and the matter of termination of his/her service shall be taken into consideration.
(C) Shri/Shrimati/Ku .................................. (Candidate's name) shall be required to pass computer skill examination during his/her contract period or within two year from the date of his/her conditional regular appointment and then he/she shall get seniority from the date of the regular appointment. If he/she does not pass computer skill examination during this period, he/she shall be relieved with immediate effect. When he/she passes computer skill examination, he/she shall be reinstated into service without protection of seniority right. That means, his/her seniority shall be considered by regular appointment from the date of passing of computer skill examination.

(13). When Shri/Shrimati/Ku ................................ is appointed on regular pay-scale of `............ ,Grade pay of `......... on the post of .................., class III cadre after completion of contract period as per the provision of sr.no.(12) above-

(A) As per the provision of Rule-8 of Gujarat State Service (Revision of Pay) Rules, 2009, pay prescribed in pay-band specified in Schedule-B plus grade pay of `........ and other allowances as per rules shall be admissible.

(B) After the contract period, all the benefits as a government employee shall be admissible and all the prevalent rules related to government employee shall be applicable from the date of regular appointment.

(14) (A) Due to lack of vacancy or misconduct proved after inquiry from competent authority by following principles of natural justice or due to lack of fitness/ability for the post of ....................., classIII(which is proved on the basis of annual evaluation reports), his/her service can be terminated by serving one month's notice or paying one month's fixed pay. The employee can make representation before

--3--

Secretary of the concerned Department if his/her service is terminated without proper reasons. This matter shall be applicable also to the fixed pay employees appointed before 1/10/15.

(B) In case of voluntarily resignation of the fixed pay employee appointed on contract basis, he/she may get relieved after submitting one month's notice or after acceptance of resignation. But if any bond has been given under pre-service training, he/she shall pay the amount of such bond.

(15) Any amendment in these rules shall be applicable to Shri/Shrimati/Ku .............. after his/her appointment on fixed pay on contract basis.

## Statement – 2

## Guarantee

I hereby undersigned Shri........................................................., resident of..................... declare that I have read terms and conditions of appointment on fixed pay on agreement basis vide Finance Department's resolution no. KHRCH/2002/57/ (Part-3)/Z-1 dated 28/03/2016 and I fully agree with these terms and conditions and I have received a copy of these terms and conditions. I agree to get appointed and perform duty/responsibility as ............. (Name of the post) as per these terms and conditions. I agree that during agreement period on fixed pay on the post of ........... (Name of the post), benefits received by a government employee shall not be admissible to me. I will not demand any benefit as admissible to government servant during contract period on fixed pay on the post of ........... (Name of the post).

I guarantee this without any kind of pressure, in my full conscious and I am agree with this. Today, I sign this letter and submit it to the appointing authority.

Place: ......................................

Date: Signature of appointee

Place:

Date: Signature of Head of Office/ In-charge Officer of Establishment (Class-II or higher rank)

Place: (1) .............................

Date: (2) .............................

Signature of witnesses

Collction By: Rikesh Patel

**Statement – 3**

**Statement of Performance Appraisal Report of the candidate appointed with fix pay on contract basis.**

**Part – 1**

**Remark of the Reporting Officer**

Name of the department/office:

Name of the post on which the appointment is given with fix pay on contract basis ----------

Period of the report ------ form dt ------ to dt -----

1. Name of the candidate appointed with fix pay on contract basis : -----
2. Date of birth --------
3. Date of the first appointment with fix pay on contract basis.
4. Date of the appointment on current post with fix pay on contract basis.
5. Period of absence from duty ------
6. Details of the training got and the examination passed during the period of the report -------
7. Brief details of the performance during the period under report ---------
8. Appraisal regarding clarity of thought and expression in writing--------
9. A. Appraisal regarding noting and drafting in Gujarati language--------
   B. Appraisal regarding noting and drafting in English language-------
10. Aptitude with regard to be acquainted with the policies, rules, laws of the Government and judgments of court cases---------
11. Appraisal regarding willingness to take initiative; understanding and readiness to take responsibility.....
12. Does he/she make necessary use of computer? ------
13. Appraisal with regard to the capacity to take speedy and mature decision ---------
14. Appraisal regarding character and nature alongwith relation with colleagues/officers and public--------
15. Appraisal regarding honesty ---------
16. Appraisal regarding any special task performed during the period under report ------
17. Details of punishment given during the period under report--------
18. Overall appraisal with regard to all the above mentioned points---------

Place-------

Date -------

Signature of the Reporting Officer
Name (in capital letters)
Designation

**Part 2**

**Remark of the Reviewing Officer**

1. Whether you agree with the appraisal of the Reporting Officer or not. If you do not agree, show your appraisal in the respective column of the matter on which you do not agree.------
2. Whether you agree with the appraisal of the Reporting Officer on honesty. If you do not agree, show your assessment.-------
3. Overall appraisal ----

Place -----

Date -----

Signature of the Reviewing Officer
Name (in capital letters)
Designation

Collction By: Rikesh Patel

**રાજ્ય સરકારના વર્ગ–૩ અને વર્ગ–૪ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂક પામેલ પુરૂષ કર્મચારીઓને પિતૃત્વની રજાઓનો લાભ મળવા બાબત.**

**ગુજરાત સરકાર,**
**નાણાવિભાગ,**
**ઠરાવ ક્રમાંકઃ– ખરચ/૧૦૨૦૧૬/યુ.ઓ.૭૮૬/ઝ.૧**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખઃ–૧૨/૦૭/૨૦૧૬**

**સંદર્ભઃ–**

(૧) નાણા વિભાગ, ગાંધીનગરનો તા.૧૬/૦૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧

(૨) નાણા વિભાગ, ગાંધીનગરનો તા.૨૮/૦૩/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ–૩)ઝ.૧

**આમુખ :–**

સંદર્ભ ક્રમાંક–(૧) સામેના નાણા વિભાગના ઠરાવથી રાજ્ય સરકારની કચેરીઓમાં વર્ગ–૩ અને વર્ગ–૪ના તમામ સંવર્ગોમાં રાજ્ય સરકારની કરકસરની નીતિના ભાગરૂપે ૫ (પાંચ) વર્ષ માટે ફીકસ પગારથી સીધી ભરતીથી નિમણૂકો આપવાની નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે તેમજ આ ઠરાવ સંદર્ભમાં નાણા વિભાગના સંદર્ભ ક્રમાંક–(૨) સામેના ઠરાવથી કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂક બાબતની અદ્યતન શરતો અને બોલીઓ નિયત કરવામાં આવેલ છે.

નાણા વિભાગના સંદર્ભ ક્રમાંક–(૨) સામેના ઠરાવથી કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂક બાબતની નિયત કરવામાં આવેલ અદ્યતન શરતો અને બોલીઓમાં કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂક પામનાર પુરૂષ કર્મચારીઓને પિતૃત્વની રજાઓ મળવા બાબતે કોઈ જોગવાઈ થયેલ નથી. છેલ્લા કેટલાક સમયથી કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂક પામનાર પુરૂષ કર્મચારીઓને પિતૃત્વની રજાઓ મળવા બાબતે રાજ્ય સરકારને રજુઆતો મળેલ હતી. આથી નાણા વિભાગના સંદર્ભ ક્રમાંક–(૨) સામેના ઠરાવથી નિયત થયેલ અદ્યતન બોલીઓ અને શરતોમાં સુધારો–વધારો કરવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

*–: ઠરાવ :–*

રાજ્ય સરકારની કાળજીપૂર્વકની વિચારણાને અંતે સંદર્ભ ક્રમાંક–(૨) સામેના નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ના ઠરાવના પત્રક–૧ હેઠળ નિયત થયેલ બોલીઓ અને શરતોની શરત–(૪)(ડ) પછી નીચે દર્શાવ્યા મુજબની શરત ઉમેરવામાં આવે છે.

(પાછળ)

(ઈ) **" કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂક પામેલ સીધી ભરતીના પુરૂષ કર્મચારીઓને ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ના નિયમ–૭૦ ની જોગવાઈ મુજબ પિતૃત્વની રજાનો લાભ મળવાપાત્ર થશે."**

સંદર્ભ ક્રમાંક–(૨) સામેના ઠરાવની અન્ય બોલીઓ અને શરતો યથાવત્ રહેશે.

આ ઠરાવનો અમલ તેની રવાનગી તારીખથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- ❖ માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- ➢ માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માનનીય મંત્રીશ્રીઓ / રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- ➢ માનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- ❖ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- ❖ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ➢ સચિવાલયના સર્વે વિભાગ (ખાતાના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે)
- ➢ એકાઉન્ટ જનરલ–૧ (ઓડીટ) ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- ➢ એકાઉન્ટ જનરલ–૨ (એ. એન્ડ ઈ.) ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- ➢ નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ગાંધીનગર.
- ➢ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરી, ગાંધીનગર.
- ➢ પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.
- ➢ સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
- ➢ નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
- ➢ નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / શાખાઓ.
- ➢ સિસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ વેબ સાઈટ ઉપર મુકવા સારૂ.
- ➢ સિલેકટ ફાઈલ– ઝ. ૧ શાખા.

---

❖ પત્ર ધ્વારા.

––o––

Collction By: Rikesh Patel

**રાજય સરકારના વર્ગ–૩ અને વર્ગ–૪ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂક પામેલ કર્મચારીઓને મળવાપાત્ર 'ખાસ રજા' મંજુર કરવા બાબત.**

**ગુજરાત સરકાર,**
**નાણાવિભાગ,**
**ઠરાવ ક્રમાંકઃ– ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ–૨)/ઝ.૧**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખઃ– ૧૨/૦૭/૨૦૧૬**

**<u>સંદર્ભઃ</u>–**

(૧) નાણા વિભાગ, ગાંધીનગરનો તા.૧૬/૦૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧
(૨) નાણા વિભાગ, ગાંધીનગરનો તા.૨૦/૧૦/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/ (પાર્ટ–૨)ઝ.૧
(૩) નાણા વિભાગ, ગાંધીનગરનો તા.૨૮/૦૩/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/ (પાર્ટ–૩)ઝ.૧

**આમુખ :–**

સંદર્ભ ક્રમાંક–(૧) સામેના નાણા વિભાગના ઠરાવથી રાજય સરકારની કચેરીઓમાં વર્ગ–૩ અને વર્ગ–૪ના તમામ સંવર્ગોમાં રાજય સરકારની કરકસરની નીતિના ભાગરૂપે ૫ (પાંચ) વર્ષ માટે ફીકસ પગારથી સીધી ભરતીથી નિમણૂકો આપવાની નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે તેમજ આ ઠરાવ સંદર્ભમાં નાણા વિભાગના સંદર્ભ ક્રમાંક–(૨) સામેના ઠરાવથી કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂક પામેલ કર્મચારીઓનો ફીકસ પગાર તેમજ તેમની સેવાઓની શરતોમાં જરૂરી સુધારા કરવામાં આવેલ છે.

નાણા વિભાગના સંદર્ભ ક્રમાંક–(૨) સામેના ઠરાવથી કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂકોના ફીકસ પગાર તેમજ તેમની સેવાઓની શરતોમાં કરવામાં આવેલ ઉકત સુધારા અન્વયે ફકરા–૪ હેઠળ રજાઓ બાબતે થયેલ જોગવાઈ ક્રમ–૨ હેઠળ નીચે મુજબ જોગવાઈ થયેલ છે.

> **"કર્મચારીની પોતાની ગંભીર બિમારી કે અકસ્માતના કારણે થયેલી ગંભીર ઈજાના સંજોગોમાં તેઓને ખાસ રજા મંજૂર કરવા સંબંધિત વિભાગ નાણા વિભાગની મંજુરી મેળવી રજા મંજુર કરી શકશે. અને આ રજાના સમયગાળાનો નિયમોનુસાર પગાર–ભથ્થાં મળવાપાત્ર થશે."**

ઉકત જોગવાઈ સંદર્ભે આવી કેટલી ખાસ રજાઓ મંજુર કરી શકાય તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

***<u>–: ઠરાવ :–</u>***

રાજય સરકારની કાળજીપૂર્વકની વિચારણાને અંતે સંદર્ભ ક્રમાંક–(૨) સામેના નાણા વિભાગના તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવની શરત–૪(૨) હેઠળ નિયત થયેલ 'ખાસ રજા'ની જોગવાઈ હેઠળ નીચે મુજબનો સુધારો/સ્પષ્ટતા કરવામાં આવે છે.

**(પાછળ)**

**૧. ફીકસ પગારના કર્મચારીઓને વર્ષ દરમ્યાન માંદગીના હેતુ માટેની રજાઓ, પુરા પગારમાં ૧૦ અથવા અડધા પગારમાં ૨૦ રજા નિયમ મુજબ મેડીકલ પ્રમાણપત્રને આધારે મળી શકશે. આ ઉપરાંતની માંદગીની રજાઓ કપાત પગારથી ભોગવવાની રહેશે.**

**૨. સબંધિત વહીવટી વિભાગના સચિવશ્રી આ રજાઓ મંજુર કરી શકશે.**

**૩. આ રજાઓ એકઠી(accumulate) થઈ શકશે.**

સંદર્ભ ક્રમાંક–(૨) સામેના ઠરાવની અન્ય વિગતો યથાવત્ રહેશે.

આ ઠરાવનો અમલ તેની રવાનગી તારીખથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- ❖ માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- ➢ માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માનનીય મંત્રીશ્રીઓ / રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- ➢ માનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- ❖ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- ❖ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ❖ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ➢ સચિવાલયના સર્વે વિભાગ (ખાતાના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે)
- ➢ એકાઉન્ટ જનરલ–૧ (ઓડીટ) ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- ➢ એકાઉન્ટ જનરલ–૨ (એ. એન્ડ ઈ.) ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ.
- ➢ નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ગાંધીનગર.
- ➢ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરી, ગાંધીનગર.
- ➢ પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.
- ➢ સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
- ➢ નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
- ➢ નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ / શાખાઓ.
- ➢ સિસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ વેબ સાઈટ ઉપર મુકવા સારૂ.
- ➢ સિલેકટ ફાઈલ– ઝ. ૧ શાખા.

---

❖ પત્ર ધ્વારા.

—o—